સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY
પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૭/૦૭/૨૦૨૪, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com
R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com
જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ અષાઢ સુદ-૨ વર્ષ : ૧૫ અંક : ૧૭૬

**સુવિચાર**

ઉચ્ચત્તમ વિકસિત સમાજ નિર્માણનાં કાર્યક્રમમાં હંમેશા સહભાગી થવું.
સમાજ એટલે પરસ્પરના સહયોગથી ચાલતી વ્યવસ્થા.

:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭







## ખુલ્લા કૂવાઓનાં પાપે વન્ય પ્રાણીઓનાં અસ્તિત્વ પર ખતરો

# ધારીનાં લાઈનપરાનાં વાડી વિસ્તારમાં આવેલ ખુલ્લા કૂવામાં ખાબકતા એક સિંહણનું કમકમાટીભર્યુ મોત

## ખુલ્લા કૂવા બાંધવા માટે મળતી સરકારી સહાયનો લાભ સૌએ લેવો જોઈએ

ધારી, તા. ૬

ધારી નજીક આવેલ લાઈનપરાવાડીવિસ્તાર એવા કૃષિશાળાની પાછળ આવેલ વાડીના ખુલ્લા કુવામાં આજે એક સાથે બે સિંહણ ખાબકી હતી. આ બંને સિંહણ પોતના ગૃપ સાથે આજુબાજુના જંગલ વિસ્તાર તથા રેવન્યુ વિસ્તારમાં વસવાટ કરતી હતી આ ગૃપમાં કુલ સાત સિંહણ હતી. આ બંને સિંહણની ઉંમર આશરે ૨થી ૩ વર્ષની હતી. આજે વહેલી સવારે બંને સિંહણ કોઈ પણ કારણસર શિકાર પાછળની દોડમાં અથવા તો અન્ય કારણથી આ ખુલ્લા કુવામાં ખાબકી હતી જેમાં એક સિંહણનું કુવાની અંદર મોત નિપજયુ હતુ. આ સિંહણ કુવામાં ઈજાગ્રસ્ત થઈ હોય મોત થયુ હતુ. જયારે અન્ય સિંહણ જે કુવામાં હોવાની જાણ થતા વનવિભાગનો સ્ટાફ ઘટના સ્થળે પહોંચી ગયો હતો અને આ સિંહણનું કુવામાંથી રેસ્કયુ કરી બચાવી

અનુસંધાન પાના ૬ ઉપર


તસ્વીર : નુરૂદીન ચાવડા–ધારી

# રાજુલાનાં ટ્રક ચાલક યુવકે વ્યાજ સહિત રકમ ચુકવી દીધી છતાં પણ ધમકી મળી

અમરેલી, તા. ૬

રાજુલાના તત્વજયોતી વિસ્તારમાં રહેતા રાહુલ ઉર્ફ દુડી ગોરધનભાઈ સોલંકી નામનાં ૨૫ વર્ષિય ડ્રાઈવર યુવકને તે જ વિસ્તારમાં રહેતા

અનુસંધાન પાના ૬ ઉપર









### રૂપિયા ૫૦ હજારનું નુકસાન કરીને

# અમરેલીની આરટીઓ કચેરી સામે આવેલ ઈંડાની હોટેલમાં સામાન્ય બાબતે બઘડાટી

### સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી

અમરેલી, તા. ૬

અમરેલીના ચક્કરગઢ રોડ ઉપર આવેલ વિસ આઈકોર્ન, સી–૩૦૧ માં રહેતા બીપીન ઉર્ફે ભુરો રમેશભાઈ બોઘરા નામનાં ૩૧ વર્ષિય યુવકની અમરેલી આરટીઓ કચેરી સામે આવેલ મી.એગ નામની ઈંડાની હોટલમાં તા. ૪ના રાત્રે ૧૦:૩૦ વાગ્યે અમરેલી હનુમાનપરામાં રહેતા સુજીતભાઈ તથા એક અજાણ્યો ઈસમ તથા બીજા છ–સાત માણસો સાથે જમવા માટે આવેલ હતા. જેમાંથી આરોપીઓએ હિરેનભાઈ માધડ ઉપર છાસનું પાઉચ ફેંકી ભુંડા બોલી ગાળો આપવા લાગતા યુવક વચ્ચે પડતા બે આરોપીઓએ યુવકને ઢીકાપાટુનો માર મારી, ધક્કો મારી પાડી દઈ હોટલના ખુરશી ટેબલ વડે માર મારવા લાગેલ. જેથી હિરેનભાઈ માધડ વચ્ચે પડતા આરોપીએ હિરેનભાઈ માધડને અપમાનિત કરી તું આઘો જા નહીતર વચમાં ટીપાઈ જઈશ તેમ કહી જ્ઞાતિ પ્રત્યે હડધુત કરી, પાટુ મારી મુંઢ ઈજા કરી તેમજ દિનેશભાઈ બગડાને અગાઉના થયેલા ફેકચર વાળા હાથ પર ખુરશી મારી તથા યુવકનો મોબાઈલ ફોન, હોટલનાં ખુરશી, ટેબલ, રસોઈનું ફર્નીચર તથા સામાન સહિતની ચીજ વસ્તુઓ તોડી ફોડી નાખી કુલ રૂપિયા ૫૦,૦૦૦ની નુકસાની કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

### પમ્પિંગ સ્ટેશન પર વિવિધ જોડાણ કરવાની કામગીરી શરૂ કરવાની હોવાથી

# અમરેલી જીલ્લામાં ચાવંડ પમ્પિંગ સ્ટેશન પરથી પાણી પુરવઠો મેળવતાં ૯ જૂથ યોજનાનાં ગામોને વૈકલ્પિક પાણી મેળવવા અનુરોધ

### જુલાઈની ૧૦ થી ૧૪ દરમિયાન પાંચ દિવસ સુધી પાણી વિતરણ બંધ રહેશે

અમરેલી, તા. ૬

નર્મદા પાઈપલાઈન આધારિત SWIL હસ્તકના ગઢડા હેડવર્કસથી ચાવંડ હેડવર્કસ સુધીની ૧,૨૦૦ મી.મી વ્યાસની એમ.એસ મુખ્ય પાઈપલાઈનના SWIL ચાવંડ પમ્પિંગ સ્ટેશન પરથી પાણી પુરવઠો મેળવતા અમરેલી જીલ્લાની વિવિધ ૯ જુથ પાણી પુરવઠા યોજનાઓમાં સમાવિષ્ટ લાભાર્થી શહેરો અને ગામોને, જુલાઈ–૨૦૨૪ની તા. ૧૦ થી ૧૪ સુધી પાંચ દિવસ શટડાઉન રહેવાના કારણે પાણી પુરવઠો પ્રાપ્ત થઈ શકે તેમ નથી. આ પાઈપલાઈનના માધ્યમથી હેડવર્કસ દ્વારા પાણી મેળવતી તમામ ગ્રામ પંચાયત તથા નગરપાલિકાઓને આ સમય દરમ્યાન સ્થાનિક કક્ષાએ કરવા સહકાર આપવા અનુરોધ છે. આ સમયગાળા દરમિયાન સંબંધિત સંસ્થાઓએ જરૂરી વ્યવસ્થા કરી ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડને આ કાર્યમાં સહકાર આપવા જાહેર જનતાને તથા સ્થાનિક સંસ્થાઓને ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, અમરેલીના કાર્યપાલક ઈજનેરએ એક યાદીમાં અનુરોધ કર્યો છે.

### જેતપુર રોડ બાયપાસની ઘટના

# બગસરામાં ગેસનાં બાટલા ભરેલા ટ્રક પાછળ અન્ય ટ્રક ઘુસી ગયો

### માર્ગ પર ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા




તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૬

બગસરા જેતપુર રોડ બાયપાસ પાસે આવેલ ઈન્ડિયન ગેસનાં ગોડાઉન પાસે ગેસના બાટલા ભરેલ ટ્રક વાળવા જતા પાછળથી અમરેલીથી મોટા કોટડા તરફ જતો ટ્રક કપાસ ભરવા જતો હતો ત્યારે ગેસના બાટલા ભરેલ ટ્રક પાછળ ઘુસી જતા અકસ્માત સર્જાયો હતો અને રોડ પર ટ્રાફિકજામ થઈ ગયુ હતુ.તદઉપરાંત કલાકલ સુધી બંને ટ્રક પડયા હતા. ત્યારબાદ બગસરા પોલીસ આવતા રોડ ખુલ્લો થયો હતો.

# અમરેલીમાં શ્રમિકનું અગાશી પરથી પડી જવાથી મોત

અમરેલી, તા. ૬

મહારાષ્ટ્રના જવારલાના વતની અને હાલ અમરેલીના લીલીયા રોડ ઉપર આવેલ વિવેક ઓઈલ ઈન્ડસ્ટરીયલની મજુર કોલોનીમાં રહેતા વિજયભાઈ રમેશભાઈ પંડોર નામનાં ૨૫ વર્ષિય યુવક કામના તા. ૪ ના રાત્રીના ૮ વાગ્યાથી તા. ૫ સવારે ૮ વાગ્યા દરમ્યાન અમરેલીના લીલીયા રોડ ઉપર આવેલ વિવેક ઓઈલ ઈન્ડસ્ટરીયલની મજુર કોલોનીની બીજા માળની અગાસી ઉપર સુવા ગયેલ હોય. ત્યાં રાત્રીના કોઈપણ સમયે અગાસી ઉપરથી નીચે પડી જવાથી મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### આંબેડકર આવાસ યોજનાની મંજૂરીને લઈને માથાકૂટ


# ધરાઈનાં ઉપસરપંચ અને સરપંચ પતિ વિરૂધ્ધ એટ્રોસીટી એકટ મુજબ ફરિયાદ

### સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી

અમરેલી, તા. ૬

બાબરા તાલુકાના ધરાઈ ગામે રહેતા જયસુખભાઈ જસાભાઈ મારૂને સને–૨૦૨૨ના વર્ષમાં આંબેડકર આવાસ યોજના અંતર્ગત મકાન પાસ થયેલ હોય. જે મકાનની બાંધકામની મંજુરી માટે તેઓએ તે ગામના ઉપસરપંચ હિંમતભાઈ ગોરધનભાઈ સતાણી પાસે રજુઆત કરતા ઉપસરપંચે ઉશ્કેરાઈને જયસુખભાઈને જ્ઞાતિ પ્રત્યે હડધુત કરી બેફામ ગાળો આપેલ. જેથી જયસુખભાઈ ધરાઈ ગામના સરપંચના પતિ પરેશભાઈ ઈરભાઈ કાપડીયા પાસે જઈ ઉપસરપંચના વર્તન બાબતે વાત કરી બાંધકામની મંજુરી બાબતે વાત કરતા પરેશભાઈ ઈરભાઈ કાપડીયાએ પણ જયસુખભાઈને જ્ઞાતિ પ્રત્યે હડધુત કરી બેફામ ગાળો આપ્યાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

# સાવરકુંડલા દેવળા ગેઈટ ખાતે એસબીઆઈનું એટીએમ બની ગયુ કચરા ઘર



સાવરકુંડલા, તા. ૬

સાવરકુંડલા દેવળાગેઈટ ખાતે એસ.બી.આઈ બેંક એ.ટી.એમ. કચરાઘર બની જતા ગ્રાહકોમાં રોષે ભરાયો. આ એ.ટીએમ.એમ.કય બેંક નુ છે તે જાણી નથી શકાતુ કારણ કે બોર્ડ નીકળી ગયેલ છે છતા અધિકારી નુ પેટ નુ પાણી નથી હલતુ. ગ્રાહક પાસે એ.ટી.એમ.નો પુરો ચાર્જ લઈ લેતા હોય છતા સગવડતા નથી મળતી. એ.ટી.એમ.મા એ.સી. છે પણ શોભા ના ગાંઠીયા જેવુ છે. એ.ટી.એમ.માં સાવરણી પણ છે..! છતા સફાઈ થતી નથી. અત્યારે તો કચરાઘર જેવી દશા થઈ ગયેલ છે. ગ્રાહક ની સુરક્ષા માટે કોઈ સિકયુરીટી મુકેલ નથી. એસ.બી.આઈના અધિકારીને ગ્રાહક ની સગવડતાની કોઈ ચિંતા દેખાતી નથી એમને તો વ્યાજ ની પઠાણી ઉઘરાણી કરવી અને પહેલી તારીખ જ દેખાય છે. આટલી ખામી હોવા છતા ધરાઈ ને ધંધો કરે છે એનુ એકમાત્ર કારણ ગ્રાહક મા જાગૃતા નથી. આવી ખામી દેખાય તો બેંક મેનેજર ને ફરીયાદ કરવા નુ શરૂ થઈ જાય તો કોઈ પ્રશ્ન ન રહે. મોટા શહેરો મા આવુ નથી બનતુ કારણ ત્યા ના લોકો એવુ નથી વિચારતા કે આપડે શુ..? માટે મારી દરેક ગ્રાહક ને વિનંતી છે કે સગવતા જોઈએ તો ફરિયાદ કરતા શીખો. બાકી અગવડતા પચી ગઈ હોય તો આંખ બંધ કરી જોયા કરશો... એવો રોષ જાગૃત નાગરીક બળવંત મહેતા વ્યક્ત કરે છે.

### એસપીની સુચનાથી ક્રાઈમ બ્રાન્ચની કામગીરી

# રાજુલામાં લૂંટના ગુન્હામાં ફરાર અને 3 જિલ્લામાંથી તડીપાર થયેલ ઈસમ ઝડપાયો

### આરોપી મનુ ઉર્ફે મનો મકવાણાની અટકાયત

રાજુલા, તા. ૬

રાજુલા તાલુકાના ભેરાઈ (દેવપરા) ગામે રહેતા ભરતભાઈ નરશીભાઈ વાજા ગત તા.૪ ના રોજ બિયારણ લેવા માટે રાજુલા ગામે મેઈન બજારમાં આવેલ આદર્શ એગ્રો નામની દુકાને ગયેલ હોય, તે દરમિયાન જાફરાબાદ તાલુકાનાં લોઠપુર ગામે રહેતા આરોપી મનુ ઉર્ફે મનોજ ઉર્ફે મનો નાથાભાઈ મકવાણાએ આવી ભરતભાઈને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી. મોટર સાયકલમાં રૂપિયા ૧૦૦૦નું નુકશાન કરી, રૂપિયા ૩૦૦૦ની લૂંટ કરી નાશી ગયેલ. જે અંગે ભરતભાઈએ ફરીયાદ રાજુલા પોલીસમાં કરેલ હતી.



અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહે આ બનાવ અંગે લૂંટનો ગુનો કરી ફરાર થયેલ આરોપીઓને પકડી પાડવા સુચના આપેલ હોય, જે અન્વયે અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.એમ.પટેલની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમે આ ગુનો કરી ફરાર અને ત્રણ જિલ્લામાંથી હદપાર કરેલ આરોપી મનુ ઉર્ફે મનોજ ઉર્ફે મનો નાથાભાઈ મકવાણાને બાતમી હકિકત તેમજ ટેકનીકલ સોર્સ આધારે પકડી પાડી આગળની કાર્યવાહી થવા સારૂ રાજુલા પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

આ ગુનામાં પકડાયેલ આરોપી મનુ ઉર્ફે મનોજ ઉર્ફે મનો નાથાભાઈ મકવાણાની ગુનાહીત પ્રવૃતિ અંકુશમાં લેવા માટે થઈ આરોપી વિરૂધ્ધ હદપારીની દરખાસ્ત તૈયાર કરી એસ.ડી.એમ. રાજુલા તરફ મોકલવામાં આવેલ હોય, જેથી તે ઈસમને અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ જિલ્લાઓમાંથી હદપાર કરવા હુકમ થયેલ હતો. જેથી આરોપીને ગઈ તા. ૨/૫ના રોજ જાફરાબાદ પોલીસ ટીમ દ્વારા હદપાર હુકમની બજવણી કરી ત્રણ જિલ્લામાંથી હદપાર કરવામાં આવેલ.

### યુવક કોંગ્રેસનાં પ્રમુખ જીલ્લા પ્રમુખને પત્ર પાઠવ્યો

# અમરેલી જીલ્લા કોંગ્રેસના સંગઠનમાં જરૂરી સુધારા કરવા માંગ

### કોંગ્રેસનું સંગઠન મજબૂત બનાવવા અનુરોધ કર્યો

અમરેલી, તા. ૬

અમરેલી જીલ્લા યુવક કોંગેંસ પ્રમુખ સંદિપ ધાનાણીએ અનુરોધ કર્યો જીલ્લા કોંગી પ્રમુખ દુધાતને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, જીલ્લા સંગઠનમાં જરૂરી ફેરફારો તેમજ કાર્યપધ્ધતિમાં બદલાવની અત્યંત જરૂર હોય છે. કારણ કે ૨૦૨૦/૨૧માં સ્થાનીક સ્વરાજની ચુંટણીઓના નિરાશાજનક પરીણામો, ત્યારબાદ ૨૦૨૨ની વિધાનસભાના પરીણામો અને તાજેતરના લોકસભા–૨૦૨૪ ના પરીણામોએ જીલ્લાના કોંગ્રેસ પક્ષના કાર્યકરોને નિરાશ કરી દીધા છે ત્યારે જીલ્લા કોંગેંસ સમિતિના પ્રમુખ તરીકે સંગઠનમાં પ્રાણ પુરી પાયાના કાર્યકરો તેમજ કોંગ્રેસી વિચારધારાના હિમાયતી મતદાતાઓની વચ્ચે જઈ સંવાદ કાર્યક્રમો તેમજ પીઢ આગેવાનોની સલાહ સુચનો મંગાવી પાર્ટીના સંગઠનને ઉર્જાવાન અને અડીખમ બનાવો એવી માંગ અંતમાં કરેલ છે.

# લાઠી ખાતે ૨.૬૨ કરોડના ખર્ચે નવનિર્માણ પામનાર તાલુકા પંચાયત ભવનનું ભૂમિપૂજન કરાયુ



લાઠી શહેર ખાતે ૨.૬૨ કરોડના ખર્ચે નવનિર્માણ પામનાર તાલુકા પંચાયત નવું બિલ્ડિંગ બાંધકામ માટે ભૂમિ પૂજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુજરાત વિધાનસભાના નાયબ દંડક કૌશિકભાઈ વેકરીયા, અમરેલી લોકસભાના સાંસદ ભરતભાઈ સુતરીયા, લાઠીના ધારાસભ્ય જનકભાઈ તળાવિયાના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. અમરેલી જિલ્લાના લાઠીની તાલુકા પંચાયત છેલ્લા ઘણા વર્ષોથી જર્જરિત હાલતમાં છે. કેટલીક ઓફિસો હજુ પણ જુના બિલ્ડિંગમાં બેસવા માટે મજબુર હતા. જેનાથી અરજદારો અને અધિકારીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો હતો. જો કે લાઠીના તત્કાલીન તાલુકા પંચાયતના પ્રમુખ અને હાલના સાંસદ ભરતભાઈ સુતરીયા અને જાગૃત ધારાસભ્ય જનકભાઈ તળાવીયા દ્વારા સરકારમાં કરાયેલ રજૂઆતને પગલે ૨.૬૨ કરોડના ખર્ચે નવા બિલ્ડીંગની મંજૂરી મળતા ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આજ રોજ લાઠી ખાતે ગુજરાત વિધાનસભાના નાયબ દંડક કૌશિકભાઈ વેકરીયા, અમરેલી લોકસભાના સાંસદ ભરતભાઈ સુતરીયા, લાઠીના ધારાસભ્ય જનકભાઈ તળાવિયાના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. જેને લઈને લાઠી શહેરમાં વધુ એક વિકાસનું પીંછું ઉમેરાયું છે. થોડા સમયમાં બિલ્ડીંગનું કામ શરૂ થતા ૫૦ થી વધુ ગામના અરજદારોને મોટો ફાયદો થશે. આ પ્રસંગે લાઠી તાલુકા પંચાયતના પ્રમુખ, ઉપપ્રમુખ તેમજ સદસ્યઓ, જિલ્લા પંચાયતના સદસ્યઓ તેમજ જિલ્લા ભાજપ અને તાલુકા ભાજપ, શહેર ભાજપના આગેવાનો તેમજ તાલુકા પંચાયત લાઠી તેમજ માર્ગ અને મકાન પેટા વિભાગ લાઠીના અધિકારીઓ તેમજ કર્મચારીઓ, સરપંચ તેમજ બહોળી સંખ્યામાં નગરજનો તેમજ ગ્રામ્ય વિસ્તારના લોકો ઉપસ્થિત રહ્યા હતા.

## અમરેલી જિલ્લાનાં દરિયાકાંઠા વિસ્તારમાં શ્રમિકો પરેશાન

# મોટાભાગની કંપનીઓનાં લેબર કોન્ટ્રાકટર દ્વારા થતાં ઉઘરાણા

**નિયમ પ્રમાણે વેતન આપવાને બદલે કોન્ટ્રાકટર દ્વારા વચ્ચેથી કટકી થતી હોવાની ચર્ચા**

**નોકરી જવાનાં ડરથી શ્રમિકો કયાંય લેખિત કે મૌખિક રજૂઆત પણ કરી શકતા નથી**

**ગરીબ શ્રમિકોને તેમનો પરસેવો સુકાઈ તે પહેલા પુરતું વેતન મળવું જરૂરી છે**

**લાગતા-વળગતા સરકારી વિભાગે શ્રમિકોની સમસ્યા ખાનગીમાં સાંભળીને સમસ્યાનું નિરાકરણ કરવું જોઈએ**

અમરેલી, તા. ૬

રાજુલા નજીક આવેલ દરિયા કિનારાની મોટાભાગની કંપનીઓનાં કોન્ટ્રાકટરો ધ્વારા તેના માણસો પાસેથી પહેલા પગાર કરીને પછી પાછળથી પગારનાં મોટાપાયે ઉઘરાણા કરવામાં આવે છે.

વિગત એવા પ્રકારની છે કે, રાજુલા તાલુકાનાં દરિયા કિનારે આવેલ મોટાભાગની કંપનીઓનાં કોન્ટ્રાકટર ધ્વારા પહેલા તેના માણસોનાં ગુજરાત ગર્વમેન્ટનાં નિયમ પ્રમાણે પગાર તો બેન્ક ખાતાઓમાં પુરે પુરો કરવામાં આવે છે અને બધા રજીસ્ટરો પણ કાયદાકીય રીતે બનાવવામાં આવે છે. પણ હકીકત વાસ્તવિકતા તો કંઈક અલગ જ છે. પણ જે પગાર માણસોના ખાતામાં કોન્ટ્રાકટર તેનો પગાર માણસોના ખાતામાં નાખે છે એ પગાર પાછળથી તેના માણસો પાસેથી રોકડ ઉઘરાણું કરવામાં આવે છે. માણસોનાં ખાતામાં તો પુરેપુરો પગાર જમા થાય છે પણ એ પગાર માણસોને પુરપુરો મળતો નથી. તેનાથી અડધો પગાર પાછો કોન્ટ્રાકટરોને રોકડા આપીને જમા કરવો પડે છે.

દરિયા કિનારે આવેલ તમામ કંપનીના સ્થાનિક અને પરપ્રાંતિય કોન્ટ્રાકટરો આવા મોટા પાયે ઉઘરાણા કરે છે. ગુજરાત ગર્વમેન્ટના લઘુત્તમ વેતન દર પ્રમાણે દરેક કોન્ટ્રાકટર કાયદાકીય રેકોર્ડ બનાવવા માટે તેના માણસોનાં ખાતામાં પુરેપુરો પગાર પહેલા નાખી દે છે પણ આ તમામ માણસોને પુરો ગર્વમેન્ટનો જે રેટ છે એ આપવામાં નથી આવતો અને ઓછા રેટ આપવામાં આવે છે. આથી જે વધારાનાં પગારમાં પૈસા જમા કરાવ્યા હોય તે પૈસા માણસોએ પાછા કોન્ટ્રાકટરોને આપવા પડે છે. આવી રીતે માણસોનો અડધા પગારનાં પૈસા કોન્ટ્રાકટરો ખાય જાય છે.

રાજુલા તાલુકાનાં દરિયા કિનારે આવેલ કોવાયા કંપનીઓના તમામ કોન્ટ્રાકટરો આ પ્રકારના મોટાપાયે તેના નોકરીયાત પાસેથી પગારમાંથી પાછા ઉઘરાણા કરે છે. કેટલાક તો કોન્ટ્રાકટરો એવા પણ છે જે પોતાના માણસોનાં એટીએમ અને ચેક બુક પણ લઈ લે છે. જવો પગાર કરે એટલે તરત તે કોન્ટ્રાકરટો બેન્કમાં પહોંચી જાય છે. માણસો તેના પગાર ઉપાડે એ પહેલા તો આ લેભાગુ કોન્ટ્રાકટરો તેના એટીએમ અને બેન્ક ચેક ધ્વારા ખુદ પોતે ઉપાડી લે છે અને આ તમામ નોકરીયાત સાથે આવી રીતેથતું હોવા છતાં કોઈ પણ નોકરીયાત કંઈ બોલી પણ નથી શકતા. કારણે કે જો કોઈપણ નોકરીયાત આ બાબતે વિરોધ કરે તો તેને નોકરી પરથી કાઢી મુકવામાં આવે છે. આથી તમામ નોકરીયાત ગરીબ માણસો ડરના માર્યા કંઈપણ બોલતા નથી અને જે ચાલે છે તેનો તમાશો શાંતિથી સહન કર્યા કરે છે.

આથી જવાબદાર અધિકારીઓએ આ બાબત પર આંખ આડા કાન કર્યા વગર આવા તમામ કોન્ટ્રાકટરો ઉપર કાયદાકીય કાર્યવાહી કરવી જોઈએ અને તેને કાયદાનું ભાન કરાવવું જોઈએ. માણસો આખો દિવસ મજૂરી કરે છે તેના હકકનાં પૈસા શું કામ આવા લોકો ઉઘરાવીને ખાય જાય છે. આથી સામાન્ય અને ગરીબ માણસોને તેના હકકનો પુરે પુરો પગાર મળે જેથી કરીને એ માણસ આ મોંઘવારીમાં પોતાનું ગુજરાન સહેલાઈથી ચલાવી શકે. આ દિશામાં જવાબદાર તંત્રએ પગલા ભરવાની જરૂર છે. આથી આવા ઉઘરાણા કરતા તમામ કોન્ટ્રાકટરો ઉપર જવાબદાર તંત્ર ધ્વારા કડકમાં કડક કાયદાથી કામ લઈને આ ગરીબ નોકરીયાત માણસોને પુરો પગાર મળે એ દિશામાં તેમણે કામ કરવું જોઈએ.

## પ્રાંત અધિકારીનાં અધ્યક્ષ સ્થાને

# લીલીયામોટા : મામલતદાર કચેરી ખાતે તાલુકા સંકલન સમિતિની બેઠક યોજાઈ

**ધારાસભ્ય મહેશ કસવાલા ઉપસ્થિત રહ્યાં**



લીલીયા મોટા, તા. ૬

લીલીયામોટાનીમામલતદાર કચેરી ખાતે પ્રાંત અધિકારી ધારાબેન ભાલારાના અધ્યક્ષ સ્થાને સંકલનની મીટીંગમળેલજેમાંવિસ્તારનાંધારાસભ્ય મહેશભાઈ કસવાલાઉપસ્થિતરહ્યાંહતા. જેમાં વિસ્તારની સતત ચિંતા કરતા ધારાસભ્ય દ્વારા હાલલીલીયા મોટાખાતે ચાલતુંગટરસફાઈ અભિયાનચાલુરાખવું અને જરૂર પડેતોસ્વચ્છતાનીગ્રાન્ટમાંથી ગ્રાન્ટફાળવવા કહેવાયુસાથેજદારૂમાટેની આવતી ફરિયાદોમાં ફરિયાદ કરી છોડી મૂકવા કરતા કડક પગલાં લેવા સાથે જ પોલીસપેટ્રોલિંગવધારવા પણ ધારાસભ્ય દ્વારા સૂચના આપવામાં આવેલ. જયારે ખેડૂતોનાં પ્રશ્નો લીલીયા એસ.બી.આઈ બેન્કમાં સ્ટાફ વધારી એક કેશબારી વધારવા માટે પણ સૂચનાઓ આપવામાં આવેલ. કિસાનસન્માનનિધિમાં KYC અને લેન્ડ સમિતિમાં બાકી રહેતા ખેડૂતોને જયાં હોય ત્યાં સંપર્ક કરી અને ઘટતી માહિતીનુંપૂર્તતાકરવાપણઅધિકારીઓને ખાસ સુચનાઓ આપવામાં આવેલ સાથે સાથે સીટી સર્વેનાં કર્મચારીઓને રાબેતા મુજબ સમયસર હાજર રહી અને કામનો ઝડપી નિકાલ કરવા માટે પણ ધારાસભ્ય દ્વારા સૂચનાં આપવામાં આવેલ. આ મિટિંગમાં જિલ્લા પંચાયત સદસ્ય વિપુલભાઈ દુધાત, ભીખાભાઈ ધોરાજીયા, ગેતમભાઈ વિછીયા, કેતનભાઈ ઢાકેચા, વિજયભાઈ ગજેરા સહિતનાંતમામ વિભાગનાંઅધિકારીઓ કર્મચારીઓ ઉપસ્થિત રહેલ તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાંજણાવેલ.

# અમરેલીનાં પત્રકાર ભાવેશ વાઘેલાનો આજે જન્મ દિવસ



અમરેલી, તા. ૬

અમરેલીનાં ન્યૂઝ ફોર ઈન્ડિયા સમાચાર પત્ર તેમજ ન્યૂઝ ચેનલના અમરેલી જિલ્લા બ્યુરો ચીફની તરીકે ફરજ બજાવતા પત્રકાર ભાવેશ વાઘેલાનો આજે જન્મ દિવસ હોય તેમના ચાહકોમાં હરખની હેલી જોવા મળી રહી છે. અમરેલી જિલ્લામાં રીપોર્ટર તરીકે ખુબજ સુંદર સેવા આપતા પત્રકાર ક્ષેત્રમાં ખુબ જ સુંદર કામગીરી જોઈ. અમરેલી જિલ્લાના પત્રકાર મિત્રો, અગ્રણી આગેવાનો, વ્યાપારીઓ, મિત્રો, સગા વહાલાઓ દ્વારા ભાવેશ વાઘેલાનો જન્મ દિવસ દરમિયાન તેમના મો.નં. ૭૦૧૬૦૬૦૨૬૬ પર અભિનંદની વર્ષા કરવામાં આવી રહી છે.

# બાબરા : તા. ૨૪ જુલાઈએ તાલુકા સ્વાગત કાર્યક્રમ યોજાશે

અમરેલી, તા. ૬

બાબરા તાલુકા મામલતદાર કચેરીખાતે આગામી તા.૨૪ જુલાઈ, ૨૦૨૪ના રોજ બાબરા તાલુકા સ્વાગત કાર્યક્રમ યોજાશે. તાલુકા કક્ષાના પ્રશ્નો અને ફરિયાદો તા.૧૫ જુલાઈ, ૨૦૨૪ સુધીમાં તાલુકા મથકે, બાબરા તાલુકા મામલતદાર, બાબરા તાલુકા કચેરી, બાબરા જિ.અમરેલી ખાતે પહોંચતા કરવા. અરજીના મથાળે તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ અવશ્ય લખવાનું રહેશે. સામૂહિક કે નીતિ વિષયક સિવાયના પ્રશ્નો રજૂ કરવા, તેમ બાબરા તાલુકા મામલતદારએ એક યાદીમાં જણાવ્યુ છે.

## પાલીકા અને વનવિભાગ ધ્યાન આપે

# દામનગર : પર્યાવરણનાં હિતમાં કોનો કોપર્સ વૃક્ષોને દૂર કરવા જરૂરી

**પર્યાવરણનાં હિતમાં જરૂરી વૃક્ષોનું વાવેતર કરો**



દામનગર, તા. ૬

ભારતમાં હરિયાળી માટે અમેરિકાથી લાવવામાં આવેલ "કોનો કોપર્સ" વૃક્ષો પર્યાવરણવિદોના મતે જોખમી હોવાનુ સાબિત થતા રાજય અને કેન્દ્ર સરકારે આ વૃક્ષને જાહેરમાં, ઉદ્યાનમાં કે ઘરમાં વાવવા કે ઉછેર કરવા પર પ્રતિબંધ લગાવી દેવામાં આવે છે. પર્યાવરણ માટે અતિ ગંભીર અને જોખમી બની ગયેલા આ વૃક્ષોને દૂર કરવામાં આવી રહ્યા હોવાનુ જાણવા મળી રહ્યુ છે. જોકે આ કોનોકોપર્સ વૃક્ષો દામનગર નગરપાલિકાની હદમાં એટલે કે હવેલી નજીક ડિવાઈડરમાં આજની તારીખમાં ઉભેલા જોવા મળી રહ્યા હોય. વનવિભાગ અને સ્થાનિક તંત્ર આવા પર્યાવરણને નુકશાનકારક વૃક્ષોનો નિકાલ કરવામાં આવે એવી લાગણી સાથે માંગ ઉઠી છે.

## જાગૃતિ નાગરિકે ચીફ ઓફિસરને પત્ર પાઠવ્યો

# અમરેલીનાં કુંકાવાવ માર્ગને પહોળો કરીને સ્ટ્રીટલાઈટ લગાવવા માંગ

**રાત્રિનાં સમયે અંધકારને લીધે અકસ્માતનો ભય**

અમરેલી, તા. ૬

અમરેલી કુંકાવાવ રોડ કે જેશીંગપરા, પ્રતાપરા તેમજ મુસ્લિમ સમાજને કબ્રસ્તાનમાં જવાનો એક જ રોડ છે. આ રોડ ઉપર રાહદારી જતા હોઈ છે કે અહીયાં વારંવાર એકિસડન્ટ થવાનો ભય રહે છે. રોડને બંને સાઈડ ખુલ્લો હોવાથી રાત્રિનાં રાહદારી સાથે વાહનો અવારનવાર એકિસડન્ટ થતા હોય હાલ અહીયા વર્ષો પહેલા નગરપાલિકા દ્વારા ઉભા કરેલ લોખંડના પોલ હોઈ જે બંધ હાલતમાં હોઈ ત્યારે બીનાકા ચોકથી સુળીયાટીંબા અને સોમનાથ મંદિરથી જેશીંગપરાના પુલ સુધી રોડ પહોળો કરી વચ્ચે ડીવાયડર સ્ટ્રીટ લાઈટ નાખી આપવામાં આવે કુંકાવાવ રોડ ઉપર ઓલ વડી તેમજ ઠેબી નદીનાં પુલ ઉપર પણ સ્ટ્રીટલાઈટ નાખવામાં આવે જેથી રાત્રી સમયે લોકોનો જીવનું જોખમ રહે નહી જેથી વહેલી તકે રોડ પહોળો કરી સ્ટ્રીટલાઈટના પોલ ઉભા કરી લાઈટો નાખી આપવામાં આવે તેવી સામાજિક કાર્યકર જાવેદખાનપાઠણે ચીફ ઓફિસર નગરપાલિકા અમરેલીને રજુઆત કરેલ છે.




માત્ર ૨૦ જ મીનીટમાં...
ફકત ૯.૯૦%ના વાર્ષિક
વ્યાજ દરે અને સરળ પ્રક્રિયા
દ્વારા ગોલ્ડ લોન
A.P.C.C.S
ધી અમરેલી પીપલ્સ ક્રેડીટ કો-ઓપ. સોસાયટી લી. - અમરેલી
'પીપલ્સ ભવન', ફુટ માર્કેટ, પ્રથમ માળ, ઈન્દીરા શોપીંગ સેન્ટર, અમરેલી.
કોન્ટેકટ નંબર-૦૨૭૯૨-૨૨૦૨૬૪, ૯૪૦૮૫ ૬૨૨૬૪




ભારતમાં સૌથી સારો મેડીકલેઈમ
મેડીકલેઈમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઈમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઈન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઈ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦














# સન્ડે સ્વીટ્સ

અમરેલી એક્સપ્રેસ
તા.૦૭-૦૭-૨૦૨૪

## ફિલ્મી સફર (એક ઈતિહાસ)

હિતેશ જોશી : ૯૪૨૭૨ ૩૦૫૦૬

**પ્રકરણ-૧૮૯૨ વર્ષ ૧૯૬૧**

**"તસ્વીર તેરી દિલ મે , જિસ દિન સે ઉતારી હૈ ..નયે નયે ..રંગ"**


**"બીખારે કે ઝૂલફે ચમન મે ના જાના ..ક્યૂ? કિસ લિયે ?"**

**"કોઈ સોને કે દિલ વાલા, કોઈ ચાંદી કે દિલ વાળા ... શિશે કા મતવાલે"**

**"બાઝી કિસી ને પ્યાર કી જીતી યા હાર લી"**

**પ્રિય વાચક મિત્રો ,**

અષાડી બીજની દરેકને શુભ કામનાઓ, સાથે આજે દેવ સાહેબ અને રાજ કપૂરની સફળ ફિલ્મોની વાત કરીશું . સાથે શમ્મી અને ધર્મેન્દ્રની ફિલ્મને પણ જાણીશું. પેહલા દેવ સાહેબની ફિલ્મ વિષે જાણીએ ...પેહલાના સમયમાં રાજા તેની પ્રજાનાં દુઃખ દર્દ જોવા અને તેનો નિકાલ કરવા વેશભૂસા બદલાવી નગર ચર્યા કરતાં હતા, આજના નેતાઓ જે રાજવી સુખમાં જીવે છે, તેમને જનતાનાં દુઃખ દર્દની લેસ માત્ર જાણ હોતી નથી. કારણ કે તેઓ જનતા જે વ્યથા ભોગવી રહી છે, તેનાથી કોસો જોજન તેઓ દૂર છે, અહી ફિલ્મનો નાયક કરોડપતિ બાપનો પુત્ર છે, તેને ગરીબો કઈ રીતે જીવી રહ્યા છે, તે જાણવું છે, તે વેશ અને ઓળખ બદલી ગરીબો સાથે રહે છે, અને તે લોકોની સમસ્યાઓનો ઉકેલ પણ લાવે છે, આ ફિલ્મમાં જયંત ખલનાયક છે, અને તેનો પુત્ર અમજદ




ખાન અહી તઢણ વયે ફિલ્મમાં બે દ્રશ્યોમાં દેખાય છે, પણ સંવાદ તેનો એકપણ નથી, તેના પિતા જયંતે આ ફિલ્મમાં જે ટોપી પહેરવાની સ્ટાઈલ અપનાવી છે, તે તેણે ફિલ્મ મુકદર ક સિકંદરમાં અપનાવી છે, દેવ સાહેબને સ્વપને પણ ખ્યાલ નહીં હોય કે આ તઢણ છોકરો આગળ જતાં ખુબજ સારો કલાકાર સાબિત થસે.

માયા – ડી ડી કશ્યપનાં નિર્દેશનમાં દેવ આનંદ, માલા સિંહા, મુબારક, લલિતા પવાર, સુદેશ કુમાર, આગા, હેલેન, કૃષ્ણ ધવન, બેલા બોઝ, તબસુમ અને જયંતથી અભિનીત આ ફિલ્મ સફળ રહી હતી. ફિલ્મની કથા એવી છે કે, દેવનો ગરીબ મિત્ર કૃષ્ણ છે અને દેવનાં અમીર કહેવાતા સાથીઓ અને તેની પ્રેમિકા માત્ર દેવની દેલતના લીધે તેની સાથે જોડાયેલા છે, દેવ નિરાશ થઈ જાય છે, તેવામાં સુદેશ તેના ઘરમાં ચોરી કરવા આવે છે, દેવ તેને પકડી લે છે, પણ સુદેશ એક ગરીબ યુવાન છે અને તેની બહેન માલા સાથે ગરીબીમાં જીવન પસાર કરે છે અને તે જયંત નામના બદમાશ વ્યક્તિના સંપર્કમાં આવ્યા બાદ ચોરીના રવાડે ચડી ગયો છે, દેવ તેને પોલીસને ના સોપવાની શરતે તેની સાથે તેને ગરીબ બનાવી તેની વસાહતમાં લઈ જવા કહે છે, સુદેશ મજબૂરીથી હા કહે છે અને દેવ ગરીબ બની લલિતાને ત્યાં ભાડે રહે છે. તે વસ્તીનાં લોકો લાગણીશીલ છે પણ ગરીબી ચારો તરફથી તે લોકોને બંધક બનાવી રહી છે. દેવ જયંતના ચૂંગાલથી સુદેશને છોડવી તેની કંપનીમાં નોકરી આપે છે. તે વસાહતને ખરીદી ભાડું ઓછું કરી આપે છે અને સાથે માલાનો પ્રેમ મેળવી લે છે. જયંતની નઝર માલા પર છે. તે દેવની હકીકત લોકો સામે લાવે છે અને માલા સાથેના પ્રેમને એક ઢોંગમાં બદલે છે. સુદેશ ફરી અનીતિના રસ્તે ચાલે છે. દેવના પિતા મુબારક, માલાને પસંદ કરતાં નથી અને બન્ને પ્રેમીઓને ઘણી કઠણાઈનો સામનો કરવો પડે છે પણ દેવ તમામ સમસ્યાઓનો ઉકેલ આપી માલાને જીવન સાથી બનાવે છે.

ફિલ્મની કથા તે સમયે નવી હતી. ત્યારબાદ હિન્દી સિનેમામાં અમીરી અને ગરીબી વચ્ચેના ભેદભાવને લઈ ઘણી ફિલ્મો બની છે. ફિલ્મમાં ૧૯૬૧ના સમયમાં અમીર અને ગરીબ વચ્ચે એક ખાઈ બતાવે છે. જે આજે ૨૦૨૪ મા તે ખાઈની ઊંડાઈ વધી ગઈ છે. ફિલ્મના ઘણા દ્રશ્યો એવા છે. જે આગળ જતાં બીજી ફિલ્મોમાં સમાંવાયા છે. ફિલ્મના ગીતો આજે પણ યાદગાર ગીતોમાં સ્થાન પામેલ છે. રફી સાહેબ અને લતાજીનાં સ્વરમાં "તસવીર તેરી દિલ મે" અને રફી સાહેબના સ્વરમાં "કોઈ સોને કે દિલ વાલા," તો લતાજીનાં સ્વરમાં "જા રે .જારે ઉડજા એ પંછી ..." યાદગાર ગીતો છે .

રાજકપુરની નઝરાના–રાજ કપૂરની આ ફિલ્મએ સાઉથની ફિલ્મની રિમેક છે. અહી રફી સાહેબનો સ્વર રાજ કપૂરને આપવામાં આવ્યો છે. સી વી શ્રીધરના નિર્દેશન, કહાની અને સ્કીન પ્લેમાં, એસ કૃષ્ણ મુરથીના નિર્માણમાં અને એ વીસેંટના સિનેમા ઓટોગ્રાફી એન એમ શંકરનું અડિટિંગ રાજેન્દ્ર કૃષ્ણનાં ગીતો અને સંવાદ અને રવિના મધુર સંગીત સાથે રાજ કપૂર, વૈજયંતી માલા, ઉષા કિરણ, જેમિની ગણેશન, આગા, સાબિતા ચેટરજી, નિજાનંદ શર્મા, અચલા સચદેવ અને માસ્ટર શાહિદથી અભિનીત આ ફિલ્મ સફળ રહી હતી. ઉષા કિરણનું પાત્ર પેહલા બી સરોજા દેવીને આપ્યું હતું પણ સમયની અનુકૂળતાના હોવાથી ઉષા કિરણને સફળ ફિલ્મ મળી હતી. કહાની એવી છે કે, રાજ અને વૈજયંતી કોલેજમાં સાથે અભ્યાસ કરે છે. યુવા દિલોનાં લડાઈ બાદ બન્ને પ્રેમનાં જોડાણમાં આવી જાય છે. વૈજયંતી તેની બહેન ઉષા સાથે રહે છે. વૈજયંતીના અભ્યાસ માટે ઉષાએ ઘણો ત્યાગ કરેલ છે. તેવામાં રાજ તેમના જ મકાનમાં ભાડે રેહવા આવે છે. તે વૈજયંતી અને રાજનો પ્રેમ પૂર બહારમાં ખીલી ઊઠે છે. તેવામાં રાજ બીમાર પડે છે અને ઉષા તેની દેખભાળ સારી રીતે કરે છે. સાથે રાજને પ્રેમ કરવા લાગે છે. વૈજયંતીને ખબર પડે છે કે, ઉષા પણ રાજને ચાહે છે. તો ઉષાનાં પ્રેમ વાત્સલ્યને લઈ રાજને ઉષા સાથે લગ્ન કરવા મનાવી લે છે. રાજ અને ઉષાનાં લગ્ન થઈ જાય છે અને એક સંતાન પણ પ્રાપ્ત થાય છે પણ ઉષાને રાજ અને વૈજયંતીના નિકટ સંબંધોને લઈ અવિશ્વાસ થાય છે. વૈજયંતી ત્યાંથી દૂર જતી રહે છે અને સત્યની ઉષાને જાણ થતાં તે તેનો જીવ આપી દે છે અને તેના બાળકને વૈજયંતીને સોપી અને તેને અપનાવી લેવા રાજને કહે છે. રાજ વૈજયંતીને મળે છે ત્યારે તે તેના ઓફિસનાં બોસ ગણેશન સાથે લગ્નની તૈયારી કરી રહી છે. રાજ તેનું બાળક વૈજયંતીને સોપી તે લોકોથી દૂર થઈ જાય છે. ફિલ્મનું ગીત બાઝી કિસીને પ્યાર કી જીતી ય હાર લી, તે રફી સાહેબના સ્વરમાં છે અને રાજ પર રફી સાહેબના ફિલ્મ વાયેલા રેર સોંગ પૈકીનું એક સફળ ગીત છે. તો મુકેશ જી અને લતા જીના સ્વરમાં "બિખરા કે ઝૂલફે અકેલે ના જાના .." યાદગાર ગીત છે.





આ ફિલ્મને બેસ્ટ કહાની માટે ફિલ્મ ફેરએવાર્ડ મળ્યો હતો રાજની ફિલ્મ બાદ ૧૯૬૧ના નવોદિત સફળ કલાકાર શમ્મી કપૂર અને ધર્મેન્દ્રને સાથે ચમકાવતી ફિલ્મની વાત કરીયે.બોય ફ્રેન્ડ –નરેશ સાઈગલનાં નિર્દેશન અને નિર્માણમાં શિવાજી રાઠોડની કહાની, કૃષ્ણ સાઈગલની સિનેમા ઓટોગ્રાફી, પ્રાણ મહરાનું એડિટિંગ અને હસરત જઈપૂરી અને શૈલેન્દ્રના ગીતો સાથે શંકર જયકિશનના મધુર સંગીત સાથે શમ્મી કપૂર, મધુબાલા, ધર્મેન્દ્ર, નીશી, ધુમાલ, આમિર બાઈ કર્ણાટકી, શિવરાજથી અભિનીત આ પ્રણય ફિલ્મ સફળ રહી હતી. ફિલ્મ ની કહાની વિષે જાણીએ તો ધર્મેન્દ્ર અહી પોલીસ ઈન્સ્પેકટરના પાત્રમાં જોવા મળે છે. બચપણમાં ભાઈઓ વિખૂટા પડી જાય અને પછી યુવાન થતાં મળે તે કહાનીની શરૂઆતની આ ફિલ્મ છે.

બચપણમાં નાનો બાળક શમ્મી પરિવારથી દૂર થઈ જાય છે અને યુવાન થતાં એક ચોર બની જાય છે અને તેની સાથે જેલનાં સાથીદાર તેને તેની બે પુત્રીઓની ભાળ મેળવવા અને તેના પર ઠાકુર શિવરાજનું કર્ઝ ચૂકવવા મદદ માંગે છે. શમ્મી તે જવાબદારી સ્વીકારી લે છે પણ તેની મુલાકાત ઈન્સ્પેકટર ધર્મેન્દ્ર સાથે થાય છે. જે તેનો ભાઈ છે અને શિવરાજ તેના પિતા છે પણ શમ્મીને આ વાતની ખબર નથી. શમ્મી તેના સાથીદારની પુત્રીઓ મધુબાલા અને નીશીને મળે છે અને તે મધુબાલા સાથે નજદીકતા મેળવવા તેની સાથે ડાન્સમાં જોડાય છે સાથે પ્રેમમાં પણ પડી જાય છે. નીશી ધર્મેન્દ્રને ચાહે છે. સમય અને સંજોગો મુજબ શમ્મી ચોરી છોડી શરિફ વ્યક્તિ બનવા પ્રયત્ન કરે છે પણ મધુ એક કાર્યક્રમમાં ઘાયલ થાય છે અને ચાલી શકી નથી. તે સમયે એક હીરાનો હાર ચોરાઈ જાય છે. તેનો આરોપ શમ્મી પર આવે છે પણ અંતે સત્યનો વિજય થાય છે. પરિવાર સાથે શમ્મીનું મિલન થાય છે અને શમ્મી અને મધુ અને ધરમ અને નીશી એક થાય છે. ફિલ્મના ગીતો તે સમયે પ્રખ્યાત થયા હતા. જેમ કે રફી સાહેબના સ્વરમાં "સલામ આપ કી હર નઝર કો સલામ" ગીત લોકપ્રિય રહ્યું હતું. આ ફિલ્મ એવેરેજ સફળ રહી હતી. આગામી અંકમાં શમ્મી કપૂરની અને સાયરા બાનુની જે પ્રથમ ફિલ્મ છે અને રંગીન ફિલ્મ છે. તેની સાથે મળીશું. આભાર

# કામમાં ન આવે તેવી કમાણી : મેદસ્વિતા-જાડાપણૂં (OBESITY)-ભાગ

## સામાન્ય બીમારી અને ઘરગથ્થુ ઉપચાર ભાગ-૧



**ડો. ભાવેશ કે. મહેતા**
**અમરેલી**

સારવાર માટે આવતા મોટાભાગનાં દર્દીઓનો એક પ્રશ્ન હોય છે કે સાહેબ નાની–મોટી તકલીફ થાય તો એની ઘરે શું આયુર્વેદ સારવાર કરવી ? મારો કાયમ દર્દીને એક જ જવાબ હોય છે કે કોઈપણ જાતની તકલીફ થાય તો સારવાર ડોકટર/વૈધને પુછયા વગરનો કરવી. આમ છતાં પ્રાથમીક લેવલે સામાન્ય બિમારીમાં ઉપયોગી થઇ શકે તેવા થોડા ઘરગથ્થુ ઉપચારની ચર્ચા આવતા બે સપ્તાહ સુધી આપણે કરીશું.

**ઘરેલુ ઉપચાર દ્વારા સામાન્ય બિમારીઓનું નિયંત્રણ :**

**પ્રિયોજન :**

- ઘણી બધી પરિસ્થિતિમાં ઘરેલુ ઉપચાર અતિ આવશ્યક છે.
- પ્રાથમિક ઉપચારનાં સ્વઢપમાં જઢરી છે.
- શરીરની રોગપ્રતિકારક




શક્તિની જાળવણી માટે જઢરી છે.
- આર્થિક પરિસ્થિતિને ધ્યાનમાં લેતા આવશ્યક જણાય છે.
- ઋતુગત કે કુદરતી કાળના પરીપેક્ષમાં સામાન્ય ઉપચાર ફાયદાકારક જણાય છે.
- સામાન્ય આહાર અને વિહારનું જ્ઞાન જઢરી છે.
- સંક્રમણ જેવી પરિસ્થિતિમાં અસરકારક જણાય છે.
- સામાન્ય બિમારીઓને પ્રાથમિક પરિસ્થિતિમાં ઉપચાર આવશ્યક જણાય છે.

**સામાન્ય બિમારીઓ:**

(૧)શરદી – સળેખમ
(૨)સામાન્ય તાવ – કળતર
(૩)શ્વાસ – અસ્થમા – દમ
(૪)ઉધરસ – ખાંસી
(૫)અપચો – ગેસ
(૬)કબજીયાત – વિબંધ
(૭)કૃમિ – કરમિયા
(૮)અમ્લપિત – એસીડીટી
(૯)અઢચિ – ભૂખના લાગવી
(૧૦)ઉદરશૂલ – પેટમાં દુખાવો
(૧૧)ઝાડા – દસ્ત (૧૨)ઉલ્ટી – વોમીટ (૧૩)ઘાવ – વ્રણ
(૧૪)લૂ લાગવી – સન સ્ટ્રોક
(૧૫)દાહ – બળતરા
(૧૬)ખીલ (૧૭)કષ્ટાર્તવ – માસિક સમયે દુખાવો

**(૧) શરદી – સળેખમ**
- નાકમાંથી ચિકાશ યુક્ત પાણી પડવું અથવા નાક બંધ થવું



- ગળામાં ખરાશ
- છીંકો આવવી
- માથુ ભારે લાગવું
- કયારેક ઉધરસ આવવી
- કફ સફેદ કે પીળો નીકળવો
- સામાન્ય તાવ જેવુ જણાય
- **ઉપચાર :**
- તુલસી પાન અને આદુ સરખા ભાગે મિક્ષ કરી એક ચમચી આપવું.
- તુલસીનો રસ, આદુનોરસ અને મધ સરખા ભાગે મિશ્રણ બનાવી આપવું.
- તીખા – મરીનું ચૂર્ણ ગોળ સાથે આપવું.




- ગરમ પાણીમાં હરદળનું ચૂર્ણ અને નમક નાખી કોગળા કરવા.
- નાક બંધની સ્થિતિમાં નીલગિરીતૈલના ૨ ટીપા પાણીમાં નાખી નાસ લેવો.
- રોગપ્રતિકારક શક્તિ માટે આમળા, હળદર અને તુલસીનું નિયમિત સેવન કરવું.
- સામાન્ય અને હલકો ખોરાક લેવો અથવા ઉપવાસ કરવા.
- પાણીમાંશુંઠ નાખી સિપ્રધજલ બનાવી પાન કરવું.

**(૨)દમ–અસ્થમ –શ્વાસ :–**


**•સામાન્ય લક્ષણો :**
- શ્વાસ લેવામાં તકલીફ થવી.
- ઉધરસ સાથે કફ
- થોડી ગભરાહટ કે બેચેની થવી
- ઠંડા વાતાવરણ કે ઋતુમાં લક્ષણોમાં વધારો થવો

**•ઉપચાર :**
- લીંડીપીપરનું ચૂર્ણ મધ સાથે ચટાવવું
- ભોયરીંગણીના રસમા ત્રિકટુ ચૂર્ણનું ચૂર્ણ નાખી આપવું
- બહેડાનું ચૂર્ણ મધ સાથે આપવું
- હરડેનું ચૂર્ણ ગરમ પાણી સાથે આપવું
- લસણની એક કળીનો રસ ગરમ પાણી સાથે આપવો.
- સરસવ તૈલમાં મીઠુ નાખી ગરમ કરી છાતી ઉપર માલીશ કરવું.
- સામાન્ય અને હલકો ખોરાક આપવો.
- ગરમવસ્ત્રોનો ઉપયોગ અને હેતુકારક પદાર્થોથી દૂર રહેવું.

**(૩) ખાંસી – ઉધરસ**

- **સામાન્ય લક્ષણો :**
- વારંવાર ખાંસી આવવી
- નાકમાંથી પાણી અથવા છીંકો આવવી
- કયારેક કફ નીકળવો કે ના નીકળવો
- **સામાન્ય ઉપચાર :**
- જેઠીમધનુ ચૂર્ણ કે લાકડી મોઢ ામાં રાખી ચુસવું.
- અરડૂસીના પાનના ઉકાળામાં લીંડી પીપરનું ચૂર્ણ નાખી આપવું.
- તીખા– કાળામરીનું ચૂર્ણ મધ સાથે ચટાવવું.
- બહેડાના ફળની છાલ કે સાકર ચૂસવા આપવી.
- હમેશા ઉકાળેલુ ગરમ પાણી પીવું.

**(૪)તાવ – કળતર**
- લીમડાની ગળોનો ઉકાળો કરી તેમા સૂંઠનું ચૂર્ણ નાખીઆપવું.
- તુલસીના રસમાં તીખા – કાળ



ામરીનું ચૂર્ણ નાખી આપવું.
- સૂંઠ અને ધાણાની પોટલી બનાવી પાણીમાં અડધુ ઉકાળી તે પાણી પીવું.
- થોડા ઉપવાસ કરવા અથવા હલકો સુપાચ્ય આહાર લેવો.
- શરીરે કે માથા ઉપર મીઠાના પાણીના પોતા મૂકવા.

**(૫)અજીર્ણ – અપચો**

**•સામાન્ય લક્ષણો :**
- શરીર ભારે લાગવુ
- ખાધેલા ખોરાકના ઓડકાર આવવા
- પેટમા દબદબો લાગવો
- ઝાડો સાફના આવવો ચિકાશ આવવી.

**સામાન્ય ઉપચાર :**
- ત્રિકટુ ચૂર્ણ / શુંઠનું ચૂર્ણ ગરમ પાણી સાથે આપવું
- અજમો,શુંઠ, જીઢ અને તીખા – મરીનો ઉકાળો બનાવી આપવો.
- •છાસમાં અજમો અથવા સેકેલ જીઢ અને નમક નાખી આપવું.
- સામાન્ય હલકો અને ભૂખ લાગે ત્યારે ખોરાક લેવો.
- સૂંઠ નાખી ઉકાળેલુ પાણી જ પીવું.
- પચવામાં ભારે અને ચીકણા પદાર્થો ના લેવા. ઉપવાસ કરવા.

**(૬)વિબંધ – કબજીયાત**

- **સામાન્ય લક્ષણો :**
- પેટ સાફના થવું
- પેટ ભારે લાગવુ
- મળમાં ચીકાશ જોવા મળવી.

**•સામાન્ય ઉપચાર :**
- ત્રિફળાચૂર્ણ રાત્રે સૂતા પહેલા ગરમ પાણી સાથે આપવું.
- એરંડીયુ ગરમ દુધ સાથે સૂતી વખતી આપવું.
- મીંઠીઆવળનું ચૂર્ણ ગરમ દુધ સાથે રાત્રે આપવું.
- સવારે ઊઠીને હુંફાળુ પાણી પીવું.
- સૂતા પહેલા ગરમ દુધમાં ગાયનું ઘીનાખી પીવું.
- ભોજનમાં હીંગ, આદુ વગેરેનો ઉપયોગ કરવો. રેસાવાળા શાકભાજી વધુ ખાવા.
- વધુ દળેલા લોટની જગ્યાએ કરકરા લોટનો ઉપયોગ કરવો.

**(૭)કૃમિ – કરમિયા**

- **સામાન્ય લક્ષણો :**
- પેટમાં સામાન્ય દુખાવો
- કયારેક ઝાડા થવા
- ગુદમાર્ગે ખંજવાળ આવવી
- સૂતી વખતે લાળ ટપકવી
- પથારીમાં પેશાબ થવો
- શરીરનો ઉમર પ્રમાણે વિકાસના થવો
- ચામડીના રોગો થવા વગેરે

**•સામાન્ય ઉપચાર :**
- વાવડીંગચૂર્ણ મધ અથવા જૂના ગોળ સાથે આપવું.
- સરગવાના પાનની ચટણી સવારે ભૂખ્યા પેટે આપવી.
- સવારે ગોળ આપી બાદમાં અજમો આપવો.
- ખાખરાનાં બીનું ચૂર્ણ ગરમ પાણી સાથે આપવું.
- કીડામારીનો રસ આપવો.

**(૮)અમ્લપિત – એસીડીટી**

- **સામાન્ય લક્ષણો :**
- ખાટા કે તીખા ઓડકાર આવવા
- પેટમાં બળતરા થવી.
- કયારેક ઉલ્ટી થવી
- ચક્કર આવવા, માથુ દુખવુ વગેરે
- **સામાન્ય ઉપચાર :**
- કાળી દ્રાક્ષ/વરીયાળી રાત્રે પલાળી સવારે ચાવીને ખાવી.
- મૂળાનો તાજો રસ આપવો.
- આમળા ચૂર્ણ દૂધ સાથે આપવું.
- ગુલકંદનું ગાયનાં દુધ સાથે સેવન કરવું..
- તીખા, ખારા અને ખાટા ખોરાકના લેવા.
- તમાકુ , વધુ પડતી ચા – કોફી જેવા વ્યસનોનો ત્યાગ કરવો.

**વધુ આવતા અંકે......**

# સુખનું સરનામું

## વિસામો

વૃંદા ચિંતન મહેતા
રાજુલા



સુખએ વિશાળપટ પર પથરાયેલો શબ્દ છે. સુખ વિશેની વ્યાખ્યા વ્યક્તિએ વ્યક્તિએ વિભિન્નહોય છે. દરેક વ્યક્તિ પાસે પોતાના સુખની અલગ જ ધારણા અને ખ્યાલ રહેલા હોય છે. ઘણીવાર કોઈ એકવ્યક્તિનું સુખ બીજી વ્યક્તિ માટે દુઃખનું કારણ બની જતું હોય છે. તો કોઈ એક વ્યક્તિનું દુઃખબીજાને માટે સુખની કૂંચીરૂપ નિવડતું હોય છે. વ્યક્તિએ વ્યક્તિ સુખની પરિભાષા બદલાતી હોય છે. દરેક વ્યક્તિને પોતાનું અલગજ સુખનું સરનામું હોય છે. માણસ ભલે પરિવારમાં રહેતો હોય પરિવારનાં દરેક સભ્યોનું રહેઠાણનું સરનામું એક જ હોય પરંતુ સુખનું સરનામું તો વ્યક્તિ –વ્યક્તિએ અલગ જ રહેવાનુ. દરેક વ્યક્તિ ગમાંઅણગમાં ભિન્ન હોવાનાં કારણે સુખ અને સુખદ્વારા મળતી તૃપ્તિ પણ અલગજ હોય તે સ્વાભાવિક છે અને આવકાર્ય પણ છે. દરેક વ્યક્તિ સતત સુખની શોધમાંનિરંતર ભટકતોરહે છે અને અંતે સુખ યોગ્ય સમયે પોતાનું સ્વરૂપ બદલી હાથતાળી આપી અદ્રશ્ય થઈ જાય છે અને વ્યક્તિ તે જીવનની આખીય યાત્રા સુખનું સરનામું મેળવમાં જતી રહેતી હોય છે. સુખ વિશેની ધારણા પુરાતનકાળ થી થતી આવે છે. સુખ માટે સૌ કોઈ વ્યાખ્યા 'તુંડે તુંડે મતિર ભિન્ના' સુખ વિશે તો જેટલી વાત કરીયે તેટલી ઓછી પડે. પરંતુ જીવનમાં ઘણી બધી વખત પ્રદર્શિત કરવામાં આવતું સુખ એ સાચું નથી હોતું. પ્રદર્શિત થતી, મુખરિત થતી, કે ડિસ્પ્લેમાં દેખાતું બધું જ સત્ય નથી હોતું. હું તમને એક દાખલાથી સમજાવું. સદીનાં મહાનાયક અમિતાભ બચ્ચનનો પરિવાર ધન, સંપત્તિ, સમૃદ્ધિ, ગ્લેમર જગતમાં પોતાનું આગવું સ્થાન ધરાવે છે. આ ઉપરાંત પણ સંસ્કાર અને સંસ્કૃતિનો ભવ્ય વારસો ધરાવતા આ પરિવારમાં દેખાતું અથવા તો પ્રદર્શિત થતું સઘળ ું જ સત્ય જ હોય એ વિચાર આપણો થોડો ભૂલ ભર્યો છે.! વર્તમાન સમયનાં સમાચારો આપણે સૌ જોઈ રહ્યા છીએ... કે ઐશ્વર્યા રાય જયા બચ્ચન કે અભિષેક બચ્ચન યા તો શ્વેતા નંદા જેટલું સુખ પ્રદર્શિત કરે છે એટલું ખરેખર તેમના પરિવારમાં છે ખઢં... તે એક પ્રશ્ન છે? આપણા વડીલો કહેતા કે " પીળું દેખાય તે સઘળું સોનુ ના હોય" ડિસ્પ્લેમાં દેખાતી દરેક વ્યક્તિ ખરેખર અંદરથી પણ એવી જ હોય છે? વ્યક્તિ કે પરિસ્થિતિ જેટલી ડિસ્પ્લેમાં સુખી સમૃદ્ધ પ્રદર્શિત થતી હોય તેટલી ખરેખર હોતી નથી.

પ્રદર્શિત થતું સઘળું સુખ નથી હોતું. હું તમને આ વાત એક વાર્તા દ્વારા કહું :– એક પતિ અને પત્ની ઝૂમાં ગયા. તેઓ વાંદરાનાં પાંજરા પાસે ઊભા રહ્યાં; ત્યાં તેમણે જોયું કે વાંદરો અને વાંદરી એકબીજાને ખૂબ વ્હાલ કરતા હતા. રોમાન્સ કરતા હતા. આ જોઈને પત્નીએ પતિને કહ્યું કે જો આ લોકોને કેટલા સુખી છે, કેવા એકની ચાહે છે, કેવું રોમેન્ટિક એમનું જીવન છે, કેવા એક મેકનો દરકાર કરે છે, કેવું એકમેકનું ધ્યાન રાખે છે ..! આપણા જીવનમાં તો હવે રોમાન્સ જેવું કશું રહ્યું જ નથી. પતિ થોડું વિચાર્યુ અને આગળ ચાલ્યા. તેઓ સિંહનાં પાંજરા પાસે ગયા; ત્યાં તેમણે જોયું કે, સિંહ અલગ બેઠો હતો અને સિંહણ સાવ અલગ બેઠી હતી બંને વચ્ચે ઘણું અંતર હતું. આ જોઈને પત્નીએ પતિને કહ્યું કે જોવો આ લોકો બિલકુલ આપણી જેવા છે, આ તો બિલકુલ આપણું જ ડિસ્પ્લે છે. પતિએ થોડું વિચારી અને પત્નીને કહ્યું કે ; તું એક નાનો એવો કાગળ નો ડુચો લે અને સિંહણ ની ઉપર ફેક .. પત્ની આમ કર્ય કે.., તરત જ સિંહએ જોરદાર ત્રાડ પાડી..! પતિ પત્ની બંને ફરી વાંદરાનાં પિંજરા પાસે ગયા; પતિએ કહ્યું કે, એક કાગળનો ડુચો લે અને વાંદરી ઉપર ઘા કર... પત્ની આમ કર્યુ. વાંદરી ઉપર કાગળનો ડુચો ફેકતા વાંદરો એકદમ હસવા માડયો ખીલખીલાટ કરવા માંડવો ખુશ થઈ ગયો. ત્યારે પતિએ પત્નીને કહ્યું કે : જો સિંહ અને સિંહ વચ્ચે ભલે અંતર હતું પરંતુ તેઓનું એક મેક પર બરાબર ધ્યાન હતું. સિંહણને નાની એવી તકલીફ થતા પણ સિંહ દ્રવી ઉઠ્યો. સિંહણને લઈને સિંહ એટલો જ પ્રોટેક્ટિવ છે. વાંદરો ભલે વાંદરીને સાથે ગમે એટલું રોમાન્સ કરે ખિલ–ખિલાટ કરે પરંતુ તે વાંદરીને લઈને સિંહ જેટલો પ્રોટેક્ટીવ નથી. એટલે જ કહેવાય છે કે ડિસ્પ્લેમાં દેખાતું સઘળું સુખ નથી હોતું. પ્રેમ નથી હોતો અને ડિસ્પ્લેમાં પ્રદર્શિતનાં થતું સઘળું પ્રેમ કે દરકાર નથી એવું નથી હોતું. એટલે જ તો કવિ કહે છે."ગીતામાં શોધવાનું ગૂગલમાં શોધે છે માણસ અહીજ ગોટે ચડે છે.

આજે આપણે સૌ કુત્રિમ પણાનાં દેખાવમાં એટલા અંધ બનીને કઈ દિશામાં દોડીએ છીએ. તેની આપણ ખુદને જ ખ્યાલ નથી. આપણે કોઈ ટુર કે પિકનીક પર પણ જઈએ ત્યારે આપણે તે જગ્યાને કે તે ક્ષણને માણવાને બદલે માત્ર ફોટાસકે રીલ્સ બન્નાવામાં જ તે ક્ષણ કે જગ્યા ને enjoy કરવાનું ભૂલી જઈએ છીએ..; અને તેનું કારણ માત્ર એટલું કે, આપણે તે લીધેલા ફોટો કે રીલ્સ facebook, whttsp, instragram નાં statusમાં મુકવા છે કે, દેખાવ કરવો છે. કેટલા લોકો તો માત્ર પોતાના સુખનો દેખાવ કરવા માત્ર જ કે ફોટો લેવા કે રીલ બનાવવા જ ફરવા જતા હોય છે અને અન્ય દેખાડતા હોય છે કે, અમે કેટલા સુખી છીએ... પરંતુ આ દેખાડો કરવામાં આવતું બધું સુખ નથી હોતું. આજના, ડિજિટલ ડિસ્પ્લે યુગમાં ડિસ્પ્લે થતુ સુખ એ ખરેખર જ સુખ હોયજ તે જરૂરી નથી અને ડિસ્પ્લેના થતું સુખ એ સુખ ન જ હોય એવું પણ જરૂરી નથી હોતું. પ્રેમ,સુખ, લાગણી કે સંભાળ બધું જ પ્રદર્શિત થાય એટલું સાચું નથી હોતું. એટલે જ કહેવત છે કે "દૂરથી ડુંગર રળિયામળા લાગે.."

"બહારથી દેખાય, એટલા ભીતરથી રૂપાળા નથી હોતા,
સબંધો બધા તમે માનો છો, તેટલા હુંફાળા નથી હોતા." –શૂન્ય પાલનપુરી

# વૃક્ષનું વાવેતર જ નહિ પણ જતન ગોપાલભાઈનું એક અભિયાન

અભિયાન
કલ્પના રૂપારેલ
મો. ૯૨૬૫૬ ૧૬૪૮૮
: અમરેલી :



અમરેલી જિલ્લાનાં પનોતાપુત્ર, સમાજસેવી એવા ગોપાલભાઈ વસ્તપરા સમાજ ઉપયોગી સેવાકીય કાર્યો હંમેશા કરતા જ રહે છે. અત્યારે તેઓ ઘટાદાર વૃક્ષોનાં રોપાઓનું વિતરણ કરી રહ્યાં છે. ગયા અઠવાડિયામાં એમણે ૬૦ હજાર રોપાઓનું વિતરણ કર્યુ અને હજુ એ કાર્ય ચાલુ જ છે.

અત્યારે સૌથી વધુ જરૂર ઘટાદાર વૃક્ષોની છે. જે વાતાવરણમાં શીતળતા ફેલાવે છે. જેને લીધે તાપમાન નીચુ રહે અને બીજુ ઘેઘૂર વૃક્ષો વરસાદને ખેંચી લાવે છે. ને તેથી પાણીની તંગી કયારેય ન રહે અને આ વખતના ઉનાળાની ગરમીએ દરેક માણસને વૃક્ષોનું મહત્વ સમજાવી દીધુ છે. હવે એ ચર્ચા મુદો નથી રહ્યો કે વૃક્ષો વાવવા જોઈએ. તેનાથી શું ફાયદો થાય અને વૃક્ષો ઓછો થાય તો શું નુકસાન થાય. બધાને બધુ સમજાઈ જ ગયુ છે અને જેને નહોતુ સમજાતુ એ લોકોને આ ઉનાળાની ગરમી એ સમજાવી દીધુ છે.


તો અત્યારનાં સમયની માંગને પારખીને ગોપાલભાઈ એ ૬૦ હજાર રોપાઓનું વિતરણ કરવાનુ લક્ષ્ય રાખ્યુ હતુ અને એ પારપણ પડયુ. સાથે સાથે વિતરણ કરતી વખતે રોપા લઈ જનારને વૃક્ષોનાં જતનનો ખાસ આગ્રહ રાખ્યો. મોટાભાગે લોકો વૃક્ષોનું વાવેતર કરી નાંખે છે. પણ જતન પ્રત્યે ઉદાસીન હોય છે. વાવેતર પછી રોપાનું શું થયુ. એ ખબર નથી હોતી. પણ હવે એ નહી ચાલે. આપણે ખુદ અને આપણી પેઢીઓને નોર્મલ લાઈફ જીવવી હોય તો વૃક્ષોનો ઉછેર કરવો જ પડશે. દરેક નાગરીકમાં વૃક્ષોનાં ઉછેર પ્રત્યે ગંભીરતા હોવી જરૂરી છે. નહિતર એના કેવા ઘાતક પરિણામો આવે એ કોઈને કહેવાની જરૂર નથી.

વ્યકિતગત ધોરણે પણ જેનાથી જેટલુ શકય હોય તેટલુ વૃક્ષોનુ વાવેતર અને ઉછેર કરવા જોઈએ. સાથે સાથે સામાજિક સંસ્થાઓ જેવી કે રાજકોટનું ''સદભાવના વૃધ્ધાશ્રમ'' દ્વારા અત્યાર સુધીમાં હજારો નહી પણ લાખો વૃક્ષોનું વાવેતર અને ઉછેર કર્યુ છે. સલામ છે. એવી સંસ્થાઓને જે પર્યાવરણની આટલી જાળવણી કરે છે. અને એ પણ સંપૂર્ણ પણે વૃધ્ધો સંચાલિત.

સાથે સાથે ગોપાલભાઈ જેવા સમાજ સેવીઓ પણ વૃક્ષોનાં જતન જેવા સેવાકિય કાર્યો કરવા આગળ આવ્યો છે. અને આવતા જ રહેશે. આપણને બધાને ખબર છે. વૃક્ષો વાવવા જોઈએ છે પણ આપણે કેટલા વાવ્યા? પણ આવા સેવાભાવીઓનાં પ્રયત્નોથી સમાજમાં અવેરનેસ આવે છે. લોકો પર્યાવરણ પ્રત્યે ગંભીર બને છે. ધન્ય છે. ગોપાલભાઈને જે અવારનવાર આવા સમાજ ઉપયોગી કાર્યો કરતા જ રહે છે. અગાઉ પણ જેમણે ૧૦૦૦ જેટલી દીકરીઓને પૂરા કરીયાવર સાથે સમૂહ લગ્નો કરાવ્યા હતા. સર્વરોગ નિદાન કેમ્પસ જેવા અસંખ્ય કાર્યો દ્વારા અમરેલી જીલ્લાનું નામ ગુજરાતમાં જ નહી પણ પૂરા દેશમાં રોશન કર્યુ છે.

# રામ કહા તન રાખદુ તાતા, મન મુસકાય કહી તેજય વાતા ।

અહૈતુક કૃપા



## પ.પૂ. રણછોડદાસજી મહારાજ (પૂ. ગુરૂદેવ)

સંપાદક : મહેન્દ્ર સી. જોષી
મો. ૯૪૨૬૪ ૫૭૩૫૬ (નિવૃત્ત કેળવણી નિરીક્ષક)
સૌજન્ય : પ.પૂ.કુ. રમાબેન પુરૂષોત્તમભાઈ હરિયાણી
(અહૈતુક કૃપા-પુસ્તકમાંથી)



તે પ્રમાણ મારી પાસે પ્રયામસ તપેલી મંગાવી પોતાના જ રૂમમાં ખીર બતાવડાવી, કઈ ચીજ કેટલા પ્રમાણમાં લેવી તે બતાવવા ગયા અને ખીર તૈયાર થતા હજુ તો પ્રમાણસર પર ઉકળી હતી ત્યાં ચમચાથી હલાવતા કહ્યુ, ''રમા, તુમને બનાઈ હૈ તો સબસે પહલે તુમહી ચખકર દેખો કૈસી બની હૈ?'' હું વાટકી લેવા ઉભી થઈ. મને કહ્યુ, ''કહા જાતી હો? હાથમે હી લે લો કટોરીકી કયા જરૂરત હૈ?'' તેમ બોલતા ચમચો ભરી મારા હાથમાં ખીર આપી. હાથ લંબાવતા ડર તો લાગતો જ હતો. પરંતુ ના શી રીતે કહેવી? તેથી હિંમત કરેલી. બળતરા થવી સ્વાભાવિક હતી. થોડા ભાઈ, બહેનો સામે હોલમાં બેઠા હતા. બધાની વચ્ચે ફેંકી પણ ન શકાય અને ગરમ ગરમ મોઢામાં મૂકતા જીભ પણ દાઝે તેથી હાથમાં જ સહન કરવુ રહ્યુ. પણ આમ શા માટે કર્યુ તે સમજાતુ ન હતુ બે દિવસમાં આ પ્રસંગ ભૂલાઈ પણ ગયો.

હમણા તો ભાઈઓને ચોખા વેચવા જવાનુ કામ ચાલતુ હતુ. તે બાબત ભગવાને સ્વહસ્તે અકે નિયમાવલી લખી આપેલી. તે કાગળ આપતા મને કહ્યુ, '' બડે અક્ષરો મેં ઈસકી થોડી કોપીયા બના દો ઔર ઉસકો પૂઠે પર ચિપકા દો. હર કેન્દ્ર પર યહ નિયમાવલી ટાંગી જાયેગી'' સોળે કળામાં નિપુણ એવા ભગવાને વેપારી રીતથી નિયમાવલી લખી આપી.માનવ રાહત મંડલકી સસ્તે અનાજ વિતરણકી નિયમાવલ

(૧) ૧ શેર કે બદલે મેં ૧ રૂ. લિયા જાવેગા.

(૨) પ્રત્યેક કુંટુબકો પ્રતિદિન દો શેરસે જયાદા ન દિયા જાયેગા.

(૩) શેર કે માપ બનાકર માપ દ્વારા દિયા જાયેગા. યદિ વજનમે શંકા હોય તો કાંટા જો વહા તૈયાર હોગા સ્વત તોલ લે.

(૪) વિતરણ સ્થાનસે હટનેકે પશ્ચાત વધઘટકી જવાબદારી ગ્રાહકકી હોગી.

(૫) અનાજ બહુત શાંતિપૂર્વક લેનેકા નિયમ પર જયાદા ધ્યાન દેના ચાહિયે.(૬) વિતરણ સમય પ્રાત: ૮સે૧૨ બજે તક શામકો ૩ સે ૬ બજે તક.

રોજ રાત્રે ભાઈઓ ચોખા વેચીને આવી તેના પૈસાની પેટી ભગવાનને સોંપી દેતા. પ્રમોદ પણ આ કાયં માટે જતો. હિસાબ કરવાનુ કામ મોટાભાગે રાત્રે એક બે વાગે ચાલતુ. ભગવાન બિરાજતા હોય ત્યાં સુધી કોઈ સૂવા જાય નહિ. તેથી દસ વાગતા સૂઈ જતા. લાઈટ વિગેરે બંધ થતા બધા જતા રહે. પછી રાત્રે એક, બે વાગે અમને બે ત્રણ બહેનોને જગાડી આ પૈસા ગણવાનુ કામ કરાવતા. નોટ,પરચુરણ, વ્યવસ્થિત રીતે જુદુ કરાવી, ગણતરીને અલગ અલગ બાંધવા કહેતા. નાની નાની બાબતે ખૂબ જ વ્યવસ્થિત અને ચોક્કસ રહેતા.

ગરીબોને જે કંઈ નવા જુના કપડા વહેંચતા તેમા પણ પુરૂષોના સ્ત્રીઓના, બાળકોના, નાના, મોટા જુદા કરવાની વ્યવસ્થિત રીતે આપતા. હવે તો રાહત કાર્યની પૂર્ણાહુતિનો દિવસ આવ્યો. ભગવાન સવારે આઠ દિવસ માટે બહારગામ પધાર્યા અને સુચના આપી ગયા કે ''આજ શામ તક સબ લોગ રેલા ચલે જાના. અબ યહાસે દિશાબંધન ઉઠ જાતા હૈ જિસસે ઉત્પાત હો સકતા હૈ.'' સાંજ સુધીમાં અમે લોકો બધા છેલ્લે ટ્રકમાં બેસીને રેલા પહોંચી ગયા. છેલ્લે સિલાઈ મશીન પડયા હતા. તેના વિશે કહેલુ, ''જો લડકિયા સીખ ગઈ હો ઉનકો ભેટ દે દો.''પહેલા તો ત્યાની બાલિકાઓ આળસથી શીખવા માટે આવતી નહી. તેથી જાહેર કરેલુ કે મહિનામાં પૂરા દિવસ જેની હાજરી હશે તેને એક સાડી ભેડ આપવામાં આવશે. તેથી સિવણ વર્ગમાં સારી એવી સંખ્યા રહેતી.

રેલામાં કુલ બધા મળી લગભગ વીસેક ભાઈઓ અને પાંચ સાત બહેનો હતા. બાકી સર્વેને ભગવાને વિદાય આપી દીધી હતી. તેમાંથી ઘણા ચિત્રકુટ પહોંચી ગયેલા કારણ અઠવાડિયામાં અમે બધા ભગવાન સાથે ચિત્રકુટ જવાના હતા. દિવાળી અન્નકુટ અને ચતુર્થીનો ઉત્સવ ત્યાં જ મનાવવાનો હતો. અમે બહેનો તો અમારી રસોઈ જાતે બનાવતા પરંતુ આટલા ભાઈઓ વચ્ચે એક જ રસોઈયો હોવાથી રસોડામાં મદદ માટે જતા. આઠ દિવસે ભગવાનનો તાર આવ્યો, '' કલ સુબહ પાંચ બજે આ રહા હુ: '' ભાઈઓ હસતા હસતા કહેવા લાગ્યા, અહીથી ચિત્રકુટ જતા તમને બધા તપસ્વીઓને જરૂર નહી પડે પણ અમારા માટે તો કંઈક નાસ્તો બનાવી લૌ. વાત ખરી લાગી. પાં છ ગાડી જવાની હતી અને અમને ફુરસદ હોવાથી સવારે બે ડબ્બા તીખા ગાંઠિયા બનાવ્યા. સાંજે સક્કરપારા બનાવતા હતા. તે વખતે હ તળતી હતી. પ્રાયમસના પ્રમાણમાં કડાઈ ઘણી મોટી હતી. ઘીમાં સક્કરપારા તળાતા હતા. ઝારો મુકવામાં ધ્યાન ન રહેતા, કડાઈનુ સમતોલન ઠીક ન રહેતા કડાઈ સીધી મારા પગ પર પડી. બેઉ પગ કાંડા સુધી ઘીથી તરબોળ થઈ ગયા. ગોઠણ સુધી ઘીનાં છાંટા ઉડેલા પરંતુ કયાંય નામ માત્ર પણ બળતરા ન હતી. જાણે કાંઈ થયુ જ નથી. બધા ગભરાઈ ગયા અને પૂછવા લાગ્યા.તમને કંઈ જ નથી થતુ? પરંતુ જો કઈ પણ થતુ હોય તો છૂપાવી શકાય તેવુ ન હતુ. દેખાવમાં પગ લાલ લાલ દેખાતો હતા. પરાણે રૂમ પર મોકલી બરનોલ મંગાવી લગાડી દીધો. બધાએ પાણી ન લાગવાદેવા સુચના આપી.વહેલી સવારથી ત્રણ વાગે જાગી ગઈ. બધા સૂતા હોવાથી ન્હાવા જતી રહી. નિવાસ સ્થાન પર કૂવો હોવાથી દસ મિનિટમાં રસ્તે આવેલ ગોદામે નળ ત્થા બાથરૂમની સગવડ હોવથી ત્યાં સ્નાન માટે ગઈ ઘી તેમ જ બરનોલની બધી ચિકાસ સાબુથી ઘસીને ધોઈ નાખી. આ બાજુ ચાર વાગે બધા જાગ્યા અને હું ન મળવાથી બે ભાઈઓ પાછા ફરતા મને સામા મળ્યા અને વઢવાની રીતે કહેવા લાગ્યા કંઈ વિચાર છે? અડધી રાત્રે તેઓ આટલા દૂર નહાવા ગયાો અહીં કેટલા શરાબી ફરતા હોય છે તે કોઈ ને મળી જાય તો ? પરંતુ ઘણા વર્ષોથી હું એકલી નથી તે પ્રતીતિથી આવા ભય વિશેનો વિચાર પણ આવતો નહી અને તે દિવસે કોઈ મળેલુ પણ નહિ તેથી તે ભાઈઓને મે હસતા હસતા એટલુ જ કહ્યુ કે, ''ભાઈ, હજી સુધી તમારા સિવાય તો કોઈ મળ્યુ નથી.'' જો કે આ બાબત આજે પણ પ્રભુના સહારે તેટલી જ નિર્ભયતાથી ફરી શકુ છું.જા કો રાખે સાંઈવા માર સકે કો કૌન ? અ ન ય કોઈ મારા વિશે જેમ માનતા હોય તેમ ભલે માને. હવે તો તેની પરવા પણ નથી.નિવાસસ્થાન પર પહોંચતા એક પછી એક બધા કૂતુહલતાથી.

# સુખી અને સાર્થક જીવનનું રહસ્ય

ડો. ધીરજકુમાર વ્યાસ
મો. ૯૪૨૭૨ ૪૪૨૫૧ (એડવોકેટ)
બગસરા



**સર્વ સુખનો સાર**
**''ધીરજ સમ નહિ ધન. વાઢે વિપદનાં વન....!''**
**(ભગત)**

**તારી ખુશીમાં મારી ખુશી તમે રાજી તો અમે રાજી**
**પ્રભુની એ જ મરજી**

જીવન કાળ ગણના ઉપર આધાર નથી રાખતું ખરી પારાશીશી તો એ છે કે કેવું આવ્યો ? કેવો સદભાવથી જીવ્યો બીજાને મદદ રૂપ થયો. સદગુણોની સંપતિ કેટલી હતી....! તે ઉપર માણસનું મૂલ્યાંકન થતું હોય છે. વાત્સલ્ય, પ્રેમની સુવાસ એવી છે કે વરસો પછી પણ તેમાં સુંગધ ઓછી થતી નથી. સત્કાર્યની સુગંધ પણ અમર છે. માનવદેહ ભલે અમર ન હોય પણ તેમના કાર્યો, પ્રેમની સુવાસથી અમર બની શકે છે. આજે પણ આપણે આપણા સંતોને મહાપુરૂષોને દેશભકતોને બલિદાન આપનારાઓને યાદ કરીએ છીએ. તેમની જન્મતિથીએ ઉત્સવો ઉજવીએ છીએ. આજે તેઓ આપણી વચ્ચે નથી. પણ તેમના વિચારો આપણી વચ્ચે છે. પ્રસંગોપાત આપતે તેમના જીવન–કવનને યાદ કરીને પ્રેરણા લઈએ છીએ. અનેક પ્રકાર માણસો દાન કરી શકે જેવી જેની શકિત બધા જ દાન સેવા મદદ ખૂબ સારી છે. પરંતુ આ બધાને ચિરંજીવી બનાવવા સારૂં ઉતમ સાહિત્ય મદદ કરે છે. આપણા સૌમાં સારા સંસ્કાર સિંચવાનું કામ સર્વોતમ સુંદર આદર્શ સાહિત્ય કરી શકે છે. બાકી તો માનવ મન ભુલકણું છે. સમયના વહેણમાં ધીમે ધીમે બધું ભૂલાતું જાય છે.

શ્રીમદ રાજચંદ્ર

કેટલાક જીજ્ઞાસુઓએ શ્રીમદના દર્શન કરવા ગયા હતા. ત્યારે એક જ્ઞાનની વાત કહી હતી. શ્રેષ્ઠ શું છે ? તે પ્રશ્નના ઉતરમાં તેમણે કહ્યું તમારા એક હાથમાં ઘી ભરેલો લોટો હોય અને રસ્તામાં તમને કોઈનો ધકકો લાગી જાય તો તે વખતે તમે કયા હાથના લોટાને જાળવશો ?''

જીજ્ઞાસુઓએ કહ્યું : ઘીનો લોટો જ જાળવશું. એમ કેમ ? ઘી અને છાશ બજો એક જ વસ્તુ દૂધમાંથી બનેલા છે. ઉત્તરમાં જીજ્ઞાસુઓએ કહ્યું છાશ ઢોળાશ જાય તો કોઈપણ સહેજેય ભરી દે છે. પરંતુ ઘીનો લોટો કોઈના ભરી આપે. શ્રીમદે પછી સરસ સમજાવ્યું કે આ દેહ છાશ જેવો છે. જીવ તેને સાચવે છે આત્મા ઘી (જીવ) જેવો છે. આત્માનું મૂલ્ય વધુ છે. આપણે આપણા આત્માને સારી રીતે સાચવવો જોઈએ. આમ શ્રીમદ જેવા મહામાનવ પણ શરીર અને આત્માને ભિન્ન માને છે. આત્મા શરીરથી જુદો છે.

સર્વ શસ્ત્રોમાં સાર જીવનના સુખનું રહસ્ય સર્વસુખનો સાર સંતોએ બતાવ્યો છે. દયા, પ્રેમ, ક્ષમા, શાંતિ સદગુણોની સૌરભથી મહેકતુ જીવન જીવવું આત્માએ જ પરમાત્માનું સ્વરૂપ છે. દરેક વ્યકિતને આત્મ સ્વરૂપે જોવા મૃત્યુથી કોઈ મુકત થવાનું નથી. મૃત્યુને કોઈ જીતી શકયું નથી. મૃત્યુને ઓળખવાથી જ સાર્થકતા છે. જેમ મૃત્યુની ઓળખ થશે. તેમ માણસ સરળ, શાંત અને સદગુણી બનતો જશે. કોઈ સાથે તકરાર નહિ કરે. કોઈ સાથે ગુસ્સો નહિ અભિમાન અને ઈર્ષ્યાથી દુર થશે. આ વાત સમજવા લાઓત્સેનો પ્રસંગ ખૂબ વાંચવા જેવો છે. લાઓત્સે મૃત્યુની પથારીમાં હતા. ત્યારે દરરોજ તેમના શિષ્યો જીવનના પ્રશ્નો અને રહસ્ય વિશે પ્રશ્નો પૂછી જ્ઞાન લેવા આવ્યા હતા ત્યારે એક દિવસ તેઓ એક વિચિત્ર વાત કરી કે મને કોઈ હરાવી શકયું નથી. કારણ કે મેં કદી કોઈને જીતવાની અપેક્ષા જ નથી રાખી મેં કદી કયારેય કોઈની સાથે લડાઈ કે ઝઘડો થાય તેવું કર્યુ નથી. મારી સાથે કોઈ ચર્ચા કરવા કે ઝઘડો કરવા આવે ત્યારે હું હારેલો જ છું તેમ કહી સંઘર્ષથી દૂર રહ્યો છું હારેલાને કોણ હરાવે. ઘણાને બીજાને ચીડવવામાં ઉતારી પાડી અપમાનો સહન કરીને હારેલો બેઠો છું ઝઘડો કરવા આવે તો કહું મને મારવો હોય તો પણ હું સામનો નહિ કરૂં સામાને પરેશાની ન થાય તેવું જ કર્યુ છે. કદી કોઈને જીતવાની અપેક્ષા રાખી નથી. ખરેખર તો તેમનો ગુઢાર્થ સાચો છે કે જે જીતવા ઈચ્છે તે હારે છે. માન, પ્રતિષ્ઠાન ઈચ્છા હોય તો દુ:ખ થાય છે. જે છેલ્લી હરોળમાં શાંત બેસે છે. તેને કોઈ પહેલા નંબરની ચિંતા નથી. હિંસા ઝઘડો દુશમની વગેરે વેર વગેરે કશુંક પ્રાપ્ત કરવા માટે છે પણ જો કયું જ પ્રાપ્ત ન કરવું હોય તો કોણ દુશ્મન બનશે ? ભગવાન મહાવીરે કહ્યું છે ન વૈરમ મુમસે કોણ ઈ. મારે કોઈ તરકફવેર નથી. આજે ઘણા દેશો વચ્ચે લડાઈ ચાલે છે. તેનું કારણ અહંકાર છે. બીજાનું પડાવી લેવું, અમે ખૂબ શકિતશાળી છીએ. વગેરે કારણોને લીધે કેટલી હિંસા કેટલું નુકશાન થાય છે ? એકબીજા દેશોના માણસો એકબીજાને શા માટે ગળે વળ ગાડી પ્રેમ નથી કરતા ? શસ્ત્રોને બદલે માનવ ઉપયોગી સાધનો બનાવવામાં બળ, બુધ્ધિ ધન વાપરવું જોઈએ. જગતનું કલ્યાણ, પ્રેમ, શાંતિ અહિંસા અને પરોપકારમાં રહેલું છે. જયારે તમે બીજાનું ભલું કર્યુ હશે. ત્યારે તમે ખરેખર ખુશ થશો. સરસ ઉંઘ આવશે અને ત્યારે જીંદગીની સાચી સાર્થકતા સમજાશે. (અપૂર્ણ)

# સમજણ એ જ નારાયણ

## ''પરબ પાણીની માંડીને શું કરશો ? અહી લોકોને મૃગજળની તરસ છે.''



યોગેશ ભટ્ટ
(બી.એ.એલ.એલ.બી.)
મો. ૯૯૨૪૦૧૩૪૬૪ – અમરેલી

આપણા જીવનધોરણો ટૂંકાગાળામાં જ કેટલા બદલાઈ ગયા?! ખરેખર કયારેક શાંતિથી આ બાબતે વિચારજો. ત્યારે સમજાશે કે એક બે દસકામાંતો જાણે કે જીવન, જગત અને વ્યવહારમાં કેટલુ આમૂલ પરિવર્તન થઈ ગયુ છે. બળ દગાડા, સાયકલ, મોપેટ, સુવેગા, લ્યુના, ઘોડાગાડી, ઓટોરીક્ષા, એમ્બેસેડર, ગાડીથી માંડીને પેજર, મોબાઈલ(સ્વીચવાળો) કોમ્પ્યુટર, ઈન્ટરનેટ, ટચસ્ક્રીન મોબાઈલ, આ તો માત્ર પરિવર્તનની યાત્રાનાં થોડા નમૂનારૂપ પડાવો, સાધનો જ ધ્યાને મૂકયા છે. જે વાંચકને પોતાની નજર સામેથી જ પસાર થયેલી જીવનયાત્રાનાં અનેક સ્મરણોને નજર સમક્ષ તાદ્રશ્ય કરશે. બાળ પણની વ્યાયામ પ્રધાન સઘળી રમતો થપ્પો, ખો–ખો, ગીલીદંડા, કબડી, ભમરડો, લખોટી, વિ.નુ સ્થાન હવે મોબાઈલ અને કોમ્પ્યુટરે લઈ લીધુ છે. સમાજની અંદર ખૂબ ચલણમાં રહેતી પ્રવૃતિઓ, સત્સંગો, પાડોશીની ઉમર પ્રમાણેની ધૂન–ભજન મંડળીઓ, જેવી અને સદપ્રવૃતિઓ સમેટાતી જાય છે. માણસ ખૂલ્લામાં, જાહેરમાં વધારે રહેતા તે હવે બંધારણમાં રહેતો થઈ ગયો છે.


પરિવર્તન એ જીવનનો અફર નિયમ છે. સમયની સાથે પરિવર્તન આવશ્યક પણ હોય છે અને અનિવાર્ય પણ હોય છે. પણ પરિવર્તનનો પવન એટલો તે જ ફૂંકાય કે એ માનવ જીવનનાં મૂલ્યોનાં પાયાને જ હચમચાવી દે, ત્યારે સૌ કોઈએ આ બાબતે ગંભીરતાપૂર્વક વિચારવુ જરૂરી બની જાય છે. જયારે સમાજમાં ફકત નાણા, સાધન–સગવડો પ્રાપ્તિની જ આંધળી દોડ મૂકાતી હોય, ત્યાં ધીરજ, મર્યાદા, સંતોષ અને સત્સંગ જેવા સદગુણોથી માણસ છેટો ભાગવા માંડે છે. હવે જો સગવડો પ્રાપ્ની મૃગતૃષ્ણા માણસનાં જીવન સાથે જોડાયેલા, તેના ઘડતર અને ગણતર માટે જ ખૂબ જરૂરી છે. એવા સંસ્કારો, સદચિંતન, સદવિચારો અને સદપ્રવૃતિઓથી જ તેને વેગળો કરી નાખે તો તો જે આજે સમાજમાં થઈ રહેલા વ્યવહાર અને વર્તન નર્યો ખોટનો ધંધો જ ગણશે!! જે દોડ તમને માણસ મટાડીને યંત્ર બનાવી દે માન મર્યાદા ભૂલાવી દે કેમ પરવડે? હજુ સમય હાથમાં છે. પાણી માથેથી પસાર નથી થયુ!! સમયસર જાગી જજો–ભૌતિકવાદ અને આધુનિકરણની આડમાં પાયા ઉપર ઉધઈ ન લાગે તેનુ ધ્યાન રાખજો!!

**–:: તીખારો::–**

માણસનાં દુ:ખનું કારણ તેને પોતાની પાસે છે એટલુ નહી પણ, અન્યથી વધારે જોઈએ છે! એટલ જ એ બીજાના સુખથી દુ:ખી થાય છે!

# જગતને જોઈને...?

અનુભૂતિનાં અક્ષરો
- નિધિ મહેતા 'ખુશી' અમદાવાદ



**''આજની ઘડી તે રળિયામણી, મારા વાલાજી આવ્યાની વધામણી જી રે,**
**ઓ સખી આજની ઘડી તે રળિયામણી.''**

આ રળિયામણી ઘડી એટલે અષાઢ સુદ બીજ એટલે અષાઢી બીજનો તહેવાર. આપણે ત્યાં આ તહેવારનું ધાર્મિક અને પરંપરાગત રીતે ખૂબ મહત્વ છે. તેને રથયાત્રાના દિવસ તરીકે પણ ઓળખાય છે. જોકે આમ તો આના વિશે મોટાભાગની માહિતી દરેક પાસે છે. એની વિશેની માન્યતાઓ, એની વિધિ, તે શા માટે ઉજવાય છે?, કેવીરીતે ઉજવાય છે?, કયાં કયાં ઉજવાય છે? આ દરેક વસ્તુ વિશેની જાણકારી તો આપણને સેને છે જ પણ આજે કંઈક નવો વિચાર આવ્યો. આ દિવસને અનુલક્ષીને એ જ રજુ કરૂં તો..!

ભગવાન જગન્નાથ એટલે કે જગતનો નાથ આજના દિવસે જગત જોવા નીકળે છે. ત્યારે હૃદયમાં અમુક પ્રશ્નો થયા. એ પ્રશ્નો એવા હતાં કે, ''હું, તમે આપણે સૌ તો ઈશ્વરને મળવા તેના મંદિરે અવારનવાર જઈએ છીએ અને જયારે જઈએ છીએ ત્યારે બરાબર સજાગ, સભાન અને સજ્જનતાનો જોળો પહેરીને જઈએ છીએ. કોઈ ધાર્મિક સ્થાને જતા કે ધાર્મિક પ્રવૃત્તિ કરતા આપણે પોતાની જાતને ઈશ્વર સામે ખુબ સુંદર રીતે રજૂ કરીએ છીએ અને એટલે જ કદાચ ઈશ્વર આપણા પરકઢણા વરસાવે છે. ' પણ પ્રશ્ન એ થાય છે કે, આજના દિવસે આ જગતનો નાથ જગતને જોવા નીકળે ત્યારે તેને તેના મંદિરમાં મળવા આવનાર માણસ મંદિરની બહાર પણ એટલો સજ્જન મળ્યો હશે ખરા? શું આ જગતનાં નાથને યાત્રા કરતા આ માણસ જાતને જોઈને ખુશી કે સંતોષ થતો હશે ખરા? બદલાતા સમય સાથે માનવતાનાં બદલાતા રંગો જોઈને શું તે સાચે સાચું મલકી શકતો હશે ખરા? આખું વરસ નિજ મંદિરમાં સજ્જનતા અને સંસ્કારીતાને જોઈ આનંદિત થતો જગતનો નાથ વાસ્તવમાં નગરચર્યાએ નીકળે ત્યારે આખા નગરમાં ચાલી રહેલ પરિસ્થિતિ પર એની નજર નહી પડતી નહી હોય? અને નજર પડતી હશે તો એ કેવુ અનુભવતો હશે? નગરનાં દરેક રસ્તે દેખાતા બેદરકારીના ભુવા, માનવતાને નેવે મૂકી પદ, પૈસો કે પ્રતિષ્ઠા માટે કુઢક્ષેત્રની જેમ ચાલતા કાવાદાવા, બદલાતા સમય મુજબ દ્રેપદીને લૂંટવાની બદલાયેલી રીતો, નારીના માન સન્માન પર થતા ઉઝરડા, બેઈમાની, ભ્રષ્ટાચાર અને સ્વાર્થી વૃતિથી છલોછલ અને સંવેદનાઓથી પર થતો આ સમાજ, મતલબ ખાતરમાનવતાને સાવ જ વિસરી ગયેલો આજનો માનવ, આમ આવા માનવતા વિહીન સમાજમાં માણસ મટી ગયેલા માણસને જોઈને શું આ જગતનો નાથ ખુશ થતો હશે ખરા?

વર્ષોની જૂની પરંપરાથી આ નગરચર્યાએ નીકળવાનું વચન તો એ બરાબર નિભાવે છે પણ નગરચર્યાએ નીકળ્યા પછી શું તે ખરો આનંદ અનુભવી શકતો હશે ખરા? આજ સમાજમાં વધતું જતું. અધર્મનું જોર અને ધર્મની હાનિ જોઈ તે વ્યથિત નહી થતો હોય? મુઠ્ઠીભર સજ્જનો સિવાય સમાજમાં ઠેર ઠેર ફરતા કંસ, રાવણ કે દુશાસનને જોઈ તેને વસમું નહીં લાગતું હોય? કદાચ દર નગરચર્યા એ આવતી વખતે શું તે એક નવી આશા લઈને નહીં આવતો હોય? કે કદાચ આ વખતે એને ગમતો સમાજ જોવા મળે. બની શકે એક જ આશાએ તે અવિરત આ નગરચર્યા કરી રહ્યો છે. પણ ખરેખર તે નગરચર્યામાં આવીને નિજમંદિર પરત ફરેત્યારે હૃદયથી ખુશ થઈ શકે એવા આપણે એને મળીએ છીએ ખરા?

સજ્જનતા કે માનવતાનું મહોઢં માત્ર મંદિર સુધી હોય છે કે પછી ખરા અર્થમાં આપણે માનવ બનીને જીવીએ છીએ? અને જો આપણી અંદર માનવ અને માનવતા જીવે છે તો પછી સંવેદનાઓ કેમ મરી ગઈ છે? શા માટે આપણને આપણા સિવાય અન્યની કોઈ પીડા દેખાતી કે અનુભવાતી નથી? કારણ કે ખરી રીતે કોઈનું આંસુ લૂછવાનું એ પણ એક પ્રકારે ભક્તિ છે.

આ અષાઢીબીજે વિચારીએ કે, ઈશ્વર તો એનું વચન નિભાવવા આપણને મળવા નિજ મંદિરની બહાર નીકળી નગરચર્યા કરવા આવે છે પણ આપણે એને મળવા જઈએ છીએ ત્યારે ખરેખર એ ને આપણને મળીને આનંદ થાય અને આપણને આ પૃથ્વી પર જન્મ આપવાનું ગૌરવ કે સંતોષ થાય એટલી માનવતા તો કેળવી લઈએ કે, જેથી આ જગતના નાથને આપણને જગતમાં મોકલવા માટે અફસોસ કે દુ:ખ ન થાય. તો પેલા પોતાની જાતને ઈશ્વરને મળવા લાયક બનાવીએ અને તો ઈશ્વર મળશે જ અને એ દરેક પગલે સાથે જ છે એવી અનુભૂતિ આપણને કાયમ થશે. બે લાઈનમાં કહું તો,

**''નથી ખબર મને કયા સ્વરૂપે નારાયણે મળી જાશે રે,**
**નિર્બળ ભાવ હશે મનના તો પ્રભુના પગલાં થાશે રે.''**

એટલે મન નિર્મળ અને આચરણ શુદ્ધ હશે તો દુનિયા ખુશ થાય કે ન થાય આ જગતનો નાથ ચોક્કસ ખુશથશે. આષાઢી બીજ રથયાત્રાની સેને ખૂબ ખૂબ શુભેચ્છાઓ.

ચાલો મળીને નક્કી કરીએ, જગતનાં નાથને આપણને મળવું ગમે એવી રીતે મળીએ.

### સતત ૫ મી વાર ચેમ્પિયન બનતી સરે ઈલેવન

# સાવરકુંડલા : રાત્રિ ક્રિકેટ ટુર્નામેન્ટની ફાઈનલમાં સરે ઈલેવને માર્યુ મેદાન

## ફાઈનલ મેચમાં ૭ બોલમાં ૩૩ રન ફટકારીને કુલદિપ રાવલે જીત અપાવી

સાવરકુંડલા, તા. ૬

સાવરકુંડલા શહેરમાંએકતા નાઈટ ટુર્નામેન્ટનુ આયોજન કે.કે. હાઈસ્કૂલના ગ્રાઉન્ડમાં થયેલ હતું જેમાં અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરીયા, વિધાનસભાના નાયબદંડક કેશિકભાઈ વેકરીયા, સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા અને મુકેશભાઈ સંઘાણીની વિશેષ ઉપસ્થિતી વચ્ચે રાજકીય મહાનુભાવોએ બેટ બોલ પર હાથ અજમાવ્યો હતો ને દર્શકોને મનોરંજન સાથે રાજકીય નેતાઓએ રાજકારણ સાથે ક્રિકેટમાં પારંગત હોવાનું સાબિત કર્યું હતું. આ ટુર્નામેન્ટમાં અમરેલી જિલ્લા સહીત ૬૬ ટીમોએ ભાગ લીધો હતો જેમાં સરે ઈલેવનને બી.ડી. ઈલેવન ફાઈનલમાં પહોંચી હતી એમા બી.ડી. ઈલેવને ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરતાં ૧૧૨ રન ફટકાર્યા હતા ને સરે ઈલેવને બીજા દાવમાં ૧૧૩ રન કરી ભવ્ય વિજય પ્રાપ્ત કર્યો હતો આ ફાઈનલ મેચમાં સૌથી વિશેષતા એ હતી કે આ ફાઈનલ મેચ હોય હાઈ વોલ્ટેઝ ડ્રામા સમાનની મેચ બની હતી ફાઈનલ મેચ જીતવા સરે ઈલેવને લાસ્ટ ૭ બોલમા ૩૩ કરવાના હતા એટલે લગભગ અશક્ય મેચ સરે ઈલેવન જીતે તેવું લાગતું ના હતું પ્રથમવાર ફાઈનલ મેચ જોવા હજારો ક્રિકેટ પ્રેમીઓ આવ્યા હતા ને એક–એક બોલ પર શ્વાસો શ્વાસ અધ્ધર કરનારી મેચમાં રાજકોટથી સ્પેશ્યલ મેચ રમવા આવેલા કુલદીપ રાવલે રંગ રાખ્યો હતો ને ચોક્કા છક્કાની રમઝટ બોલાવીને બી.ડી. ઈલેવનના હાથમાં આવેલી મેચ ને છીનવી લીધી હતી અને અસંભવ ને



સંભવ કરનારા કુલદીપ રાવળ પર ઉપસ્થિત દર્શકો આફ્રિકન પોકારી ઊઠયા હતાં અને સરે ઈલેવન ચેમ્પિયન બની હતી સરે ઈલેવનમાં શાનદાર બોલીંગ ફઝલબાપુ, શાહીદ જાખરા, નાથ હરદેવભાઈ, અચુ મકવાણા, સાબીર મલેક, મલો, એજાઝ કાજી સહીત ટીમના તમામ ખેલાડીના સહયોગ સાથે સરે ઈલેવનના કોચ ઈરફાનભાઈ કુરેશી, અલ્તાફ બાપુડી અને સજ્જુ કાજીની સુંદર જહેમતથી સાવરકુંડલામા સતત ૫ મી વાર સરે ઈલેવન ચેમ્પિયન બની હતી.

પાના ૮ ઉપરનું ચાલું **બાબરા પંથકનાં ગૌરક્ષકની**

સ્વરૂપમાં રજુઆત કરી જણાવ્યું હતું કે, ગજેન્દ્રભાઈ શેખવા બાબરામાં રહી હિન્દુ જાગૃત્તિના કાર્યક્રમો કરી રહ્યા છે અને સાથે સાથે પર્યાવરણ બચાવો તેમજ ગોરક્ષા જેવી મહત્વની કામગીરી વર્ષોથી જીવના જોખમે કરી રહ્યા છે. ૧૦૦ જેટલી ફરિયાદો પણ ગજેન્દ્રભાઈ દ્વારા આપવામાં આવી છે. ત્યારે પવનચક્કીના પર્યાવરણ મુદામાં ખોટી રીતે તેમની વિરૂદ્ધ કાર્યવાહી કરી કિન્નાખોરી રાખી પાસા જેવી કડક કાર્યવાહી કરવામાં આવતા લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે. ગજેન્દ્રભાઈ શેખવા શહેરના દરેક સામાજિક જવાબદારીની સાથે સૌ કોઈ સાથે હળી મળી રહે છે ત્યારે તેની ઉપર કોઈ માથા ભરેલ ઈસમ હોય તેવી કાર્યવાહી થતા ગૌરક્ષકમાં ભારો ભાર રોષ જોવા મળી રહ્યો છે. રાજય સરકાર અને રાજય પાલને મામલતદાર મારફત પાઠવેલ આવેદનપત્રમાં તાત્કાલિક અસરથી ગૌરક્ષક ગજેન્દ્રભાઈ શેખવાને છોડી મુકવામાં આવે તેવી પ્રબળ માંગ કરવામાં આવી છે.

પાના ૧ ઉપરનું ચાલું **રાજુલાનાં ટ્રક ચાલક યુવકે**

પ્રકાશ ઉર્ફ ટકો મનસુખભાઈ સોલંકીએ પોતાની પાસે કોઈ વ્યાજે પૈસા આપવાનું લાયસન્સ ધરાવતો ન હોય. તેમ છતાંયુવકને રૂપિયા ૨૫,૦૦૦ ૫% લેખે દર મહિને વ્યાજ સહિત રૂપિયા ચુકવી આપેલ હોવા છતાં યુવક પાસેથી વ્યાજ સહિત રૂપિયાની અવાર–નવાર ઉઘરાણી કરી ગાળો આપી અને રૂપિયા તો તારે આપવા જ પડશે તેમ કહી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલી નાગરિક બેન્કનાં**

નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટ હેઠળ થતા આર્થિક અનિયમિતતના બનાવો અટકાવવા અને પ્રત્યેક ગ્રાહકને સુરક્ષિત રાખવાના મુદે બેંકે કડક કાર્યવાહી કરી હતી. આ કેસમાં અમરેલીના મહે.થર્ડ એડી.સિનિયર સીવીલ જજ અને. એડી.ચીફ.જયુડી. મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ દ્વારા ચુકાદો સંભળાવતા છ માસની સાદી સજાનો અને રૂા. ૨૫,૦૦૦ ફરીયાદ તારીખથી ૯ ટકા સાદા વ્યાજ ચુકવવાનો તા. ૫/૭/૨૦૨૪ ના રોજ હુકમ થયો છે. જેમાં બેંકના વકીલ તરીકે સંજયભાઈ ડી. ચાવડા અને અજયભાઈ જે રાઠોડ રોકાયેલ હતા. તેમજ બેંકના બાકીદારોમાં ફફડાટ વ્યાપી જવા પામેલ છે. તેવું બેંક મેનેજર દિલીપભાઈ ધોરાજીયાની યાદીમાં જણાવ્યું છે.

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલી જિલ્લામાં આડેધડ ઉભી થતી**

તેમજ જિલ્લા સંકલન સમિનિ બેઠકમાં પ્રશ્નો ઉઠાવ્યા હોવા છતાં તંત્ર તરફથી કોઈ નિર્ણય લેવામાં આવતો નથી. ભવિષ્યમાં ગમે ત્યારે મોટા અકસ્માતો સર્જાશે ત્યારે તંત્ર ઘોર નિંદ્રામાંથી જાગશે.

આજે સાવરકુંડલા તાલુકાનાં છાપરી ગામી તદન નજીક પવનચકકી ઉભી કરવામાં આવેલ છે જેના લીધે લોકો રાત્રે સરખી રીતે ઉંઘી પણ શકતા નથી તેટલો અવાજ આવે છે છતાં કોઈ કાર્યવાહી થતી નથી. તેવી જ રીતે બાબરા વિસ્તારમાં પવનચકકી તદન સ્કૂલની બાજુમાં પાછળ ના ભાગે ઉભી કરવામાં આવી છે.

તંત્ર તરફથી પવનચકકી ઉભી કરવા માટે ગૌચરની જમીન કે સરકારી જમીન અથવા જયાં જમીન ફાળવેલ હોય ત્યાં નહી પરંતુ કંપની અને કોન્ટ્રાકટરોને સરળ અને સારૂ લાગે ત્યાં પવનચકકીઓ ઉભી કરી દેવામાં આવી રહી છે. ગમે ત્યાં પોલ ઉભા કરી દેવામાં આવે છે. ખેડૂતોની માલીકીના ખેતરમાં, રસ્તામાં, ખેડૂતોનો પાક ઉભો હોય તો ખેડૂતોને પુછયા વગર ખુલ્લી દાદાગીરીથી આ બધા કામો થઈ રહ્યા છે. એવી અનેક વખત તંત્ર સમક્ષ રજૂઆતો કરેલ છે છતાં તંત્ર ઘોર બેદરકારી દાખવી રહ્યું છે.

પૂર્વ સાંસદે વધુમાં જણાવેલ છે કે, આવા બિનઅધિકૃત કામોમાં કોઈ ખેડૂત વિરોધ કરે તો તુરત જ સ્થાનિક માથાભારે કોન્ટ્રાકટરો ધ્વારા સ્થાનિક પોલીસને બોલાવી ખેડૂતોને પોલીસ સ્ટેશને લઈ જઈને ધમકાવવામાં આવે છે અને બિનઅધિકૃત કામો કરવામાં આવે છે. સૌની યોજનાની લાઈન હોય, જેટકોની લાઈન હોય, પાણી પુરવઠાની લાઈન હોય, ગેસની લાઈન હોય કે પછી અન્ય યોજનાની લાઈન હોય તેમાં ખેડૂતોને ખૂબ જ ઓછું વળતર આપવામાં આવ્યું હોય છે અથવા તો વળતર જ આપવામાં આવેલ નથી હોતું. આ બધી લાઈનો માટે સરકાર તો પુરૂ વળતર આપે છે પરંતુ કોન્ટ્રાકટરો ખેડૂતોને વળતર આપતા નથી અને ખેડૂતોનું વળતર સ્થાનિક કોન્ટ્રાકટરો જ ખાય જાય છે.

ઉપરાંત માથાભારે કોન્ટ્રાકટરો અમુક લાઈન નાખ્યા પછી વધારાની માટે પણ ખેડૂતોના ખેતરમાં એમની એમ જ રહેવા દે છે જેના લીધે પાછળ થી ખેડૂતોને જ માટી હટાવવી પડે છે. વરસ વરસ સુધી ખેડૂતોના ખેતરમાં પાઈપ લાઈનો પડી રહેતી હોય, ગટર ખોદી નાખી હોય તેવા સંજોગોમાં ખેડૂતો વાવણી પણ કરી શકતા નથી. સ્થાનિક કોન્ટ્રાકટરો ધ્વારા રસ્તાઓ બંધ કરી દીધા હોવાના કેસો પણ પુષ્કળ બને છે. વર્તમાનમાં સમગ્ર અમરેલી જિલ્લામાં આવા અનેક પ્રશ્નો ઉભા છે. તો આવા પ્રશ્નોનો સત્વરે નિકાલ આવે તેવી જિલ્લા વહીવટીતંત્ર અને જવાબદારી નિભાવતા આગેવાનોને પૂર્વ સાંસદે અપીલ સહ અરજ કરેલ છે.

### ધારાસભ્ય મહેશ કસવાલા દ્વારા

# લીલીયામોટા ખાતે ગટર સફાઈ અભિયાન કાર્યનું નિરીક્ષણ થયું

## સરપંચને જરૂરી માર્ગદર્શન આપેલ



લીલીયા મોટા, તા. ૬

લીલીયા મોટા ના માથાના દુખાવા સમાન સાબિત થયેલા ગટર પ્રશ્ને થોડા દિવસો પહેલા લીલીયાના વેપારીઓ દ્વારા આંદોલન કરવામાં આવેલ હોય ત્યારે વિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા વેપારીઓનિ મુલાકાતે આવેલ હોય ત્યારે ધારાસભ્ય દ્વારા વચન આપવામાં આવેલ અને કહેવામાં આવેલ કે જયાં સુધી સંપૂર્ણ રીતે વ્યવસ્થિત ગટર સાફ–સફાઈ નહીં થાય ત્યાં સુધી ગટર સફાઈ અભિયાન ચાલુ રહેશે ત્યારે આજ રોજ ધારાસભ્ય મહેશભાઈ કસવાલા દ્વારા ચાલતા ગટર સફાઈ અભિયાનની સ્થળ મુલાકાત કરી અને સાથે સાથે પંપિંગ સ્ટેશનની મુલાકાત કરી પરિસ્થિતિનો તાગ મેળવવામાં આવ્યો સાથે જ સરપંચ સાથે પ્રાથમિક માહિતીની આપ લે કરવામાં આવેલી અને ધારાસભ્ય મહેશભાઈ કસવાલા દ્વારા સરપંચને જરૂરી સૂચનાઓ આપવામાં આવેલ આ તકે તાલુકા ભાજપ પ્રમુખ ભનુભાઈ ડાભી લીલીયા સરપંચ જીવનભાઈ વોરા વિપુલભાઈ દુધાત, ભીખાભાઈ ધોરાજીયા સહિતના તાલુકા પંચાયત સદસ્ય કાર્યકરો ઉપસ્થિત રહેલ તેમ ઈમરાન પઠાણની અખબારી યાદી માં જણાવેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું **ધારીનાં લાઈનપરાનાં વાડી વિસ્તારમાં**

લેવાઈ હતી. જેને સફારી પાર્ક ખાતે ઓબઝરવેશન હેઠળ રાખવામાં આવી છે. સ્વસ્થ થયા બાદ તેને તેના ગૃપ પાસે છોડી દેવામાં આવશે. બીજી તરફ ખુલ્લા કુવામાં પડતા વઘુ એક એશયાટીક લાયનનુ મોત થતા વનપ્રેમીઓમાં ભારે દુઃખની લાગણી ફેલાઈ હતી તેમજ જંગલ વિસ્તાર આજુબાજુના વિસ્તારને ખુલ્લા કુવામાં પારાપેટ બાંધવી ખુબ જરૂરી છે. કારણ કે સિંહો માટે ખુલ્લા કૂવા અતી જોખમી હોય છે જે દિશામા જરૂરી કાર્યવાહી ઈચ્છનીય છે.

## ખુલ્લા કુવા સિંહો માટે યમરાજ સમાન

ધારી નજીક ખુલ્લા કુવામાં મોતને ભેટતા સિંહણનું મોત નિપજયુ હતુ. આ અંગે વનવિભાગ સામે ચોક્કસ સવાલો ઊભા થાય છે કારણ કે વર્ષોથી ખુલ્લા કુવામાં પડી સિંહો મોતને ભેટે છે તે દિશામાં ચોક્કસ કે નક્કર કામગીરી કયારેય થઈ નથી. જો જંગલ આજુબાજુના ખેડુતો પણ કુવા પર પારાપેટ બાંધે તો આ મોત ચોક્કસ ઘટી શકે છે. જે અંગે વનવિભાગે પણ અભિયાન હાથ ધરવુ જરૂરી છે.

## ખુલ્લા કુવા બાંધવા સરકારની મદદ મળે છે

જંગલ વિસ્તાર આજુબાજુમાં ખુલ્લા કુવા બાંધવા સરકાર દ્વારા આર્થિક સહાય મળે છે. આ અંગે સરસીયા આર.એફ.ઓ. એ જણાવ્યુ કે અગાઉ અમારા દ્વારા ખુલ્લા કૂવા અંગે જાગૃતતા ફેલાવવા પત્રિકાનુ વિતરણ કરી ૮૦ જેટલા ખુલ્લા કુવા બંધાવ્યા હતા. આ અંગે સરકાર દ્વારા પણ ૯૦% જેટલી સહાય આપવામાં આવે છે.

# કોંગ્રેસની ઓફીસ તોડી તે રીતે અમે ભાજપની સરકાર તોડીશુ : રાહુલ ગાંધી



મહાત્મા ગાંધીજીની ભૂમિ ગુજરાતના અમદાવાદ રાજીવ ગાંધી ભવન ખાતે લોકસભા વિપક્ષ નેતા રાહુલ ગાંધીએ મોટી સંખ્યામાં ઉપસ્થિત કાર્યકરોને સંબોધન કરતા જણાવ્યું હતું કે, 'કોંગ્રેસની ઓફિસ તોડી તે રીતે અમે તેમની સરકાર તોડીશું' ભાજપને અમે નફરતથી નહીં પ્રેમથી હરાવીશું. ભાજપનો ત્યાગે ફુગ્ગો ફૂટી ગયો છે. અમે ૨૦૧૭માં પણ દમખમથી ચૂંટણી લડયા હતા અને આગળ પણ લડીશું. પ્રિયંકા ગાંધી અને કોંગ્રેસના તમામ દિગ્ગજો કોંગ્રેસના દરેક કાર્યકરની સાથે છે. ગુજરાતમાંથી ભાજપને ઉખાડી ફેંકવાની તૈયારી કરી લેવામાં આવી છે. ભાજપે ભગવાન શ્રી રામ નામ પર માત્ર રાજકારણ કર્યું છે, ભાજપ દ્વારા અયોધ્યામાં નાગરિકો સાથે મોટો અન્યાય કર્યો હતો. અયોધ્યા ઈન્ટરનેશનલ એરપોર્ટ માટે ખેડૂતોની જમીન લેવામાં આવી છે. પરંતુ ખેડૂતોને આજ સુધી વળતર મળ્યું નથી. અયોધ્યાની જનતામાં ભારે આક્રોસ છે. ભગવાનશ્રી રામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠામાં અયોપ્રયાનું કોઈ ન હતું. ભગવાન શ્રી રામ મંદિરના ઉદઘાટન સમારોહમાં કોઈ ગરીબ જોવા મળ્યું નહી. વિકાસના નામે જેમના ઘર અને દુકાનો તોડવામાં આવી તેમને આજ દિન સુધી વળતર મળ્યું નથી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અયોધ્યાથી ' ચુંટણી લડવા માંગતા હતા તેના માટે ત્રણ વખત સર્વે કરાવવામાં આવ્યો હતો પરંતુ આ સર્વે નેગેટિવ આવતાં તેઓ વારાણસી ચૂંટણી લડ્યા અને ત્યાંથી માંડમાંડ જીત્યા. જો નરેન્દ્ર મોદીની અયોધ્યામાંથી ચૂંટણી લડયાં હોત તો તેમની ચોક્કસ હાર થાત. તેમણે ફરી એકવાર ગુજરાતમાં ભાજપને હરાવવા પર ભાર મૂકતાં કહ્યું કે કોંગ્રેસના કાર્યકરો બબ્બર શેર છે અને તેઓ ચોક્કસ આ વખતે ગુજરાતમાં ભાજપને હરાવશે. રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે, દેશમાં આઝાદીની લડાઈની શરૂઆત ગુજરાતથી જ થઈ હતી. કોંગ્રેસ પાર્ટીનો સેથી મોટા નેતા પૂજય મહાત્મા ગાંધી જેઓએ અમને માર્ગદર્શન આપ્યું હતું અને સમગ્ર દેશને પણ માર્ગદર્શીત કર્યો હતો. તેમણે કહ્યું હતું કે 'ડરો નહી ડરાવો નહી'. કોંગ્રેસ પાર્ટીના આ વિચાર ગુજરાતથી આવ્યા છે. ભાજપ દ્વારા કોંગ્રેસની ઓફિસ પર હુમલો કરવામાં આવ્યો હતો ત્યારે આપણે ડરવાની જરૂર નથી તેમના પડકારને આપણે સાથે મળીને ગુજરાતમાં ભાજપને હરાવીશું. હવે કોંગ્રેસ અયોધ્યાની જેમ ગુજરાતમાં પણ નરેન્દ્ર મોદી અને ભાજપને હરાવશે. તેમણે અમારી ઓફિસ તોડી એ રીતે જ અમે તેમની સરકાર તોડીશું. ગુજરાતમાં એ લોકોને હરાવીને જ ઝંપીશું. ગુજરાતથી જ નવી કોંગ્રેસની શરૂઆત થશે અને અમે અહીં જીતીશું. ગુજરાતની જનતા ડર્યા વિના લડશે તો અમે જીતી જઈશું. ભાજપના એકપણ નેતા શ્રી નરેન્દ્ર મોદીને ઈચ્છતા નથી જો કે ભાજપના નેતાઓ મોદીજીથી ડરે છે, ભાજપના કાર્યકર્તાઓ કે આર.એસ.એસ.ના નેતાઓમાં મોદીજીનો વિરોધ કરવાની હિંમત નથી. તેઓ મોદીજીથી ડરે છે. અંગ્રેજોને પણ કોંગ્રેસ પક્ષે કહ્યું હતું કે, અમે ડરતા નથી ભાજપે તો અંગ્રેજોને કહ્યું હતું કે અમે ડરી ગયા. ગુજરાત કોંગ્રેસમાં કેટલીક કમીઓ રહેલી છે. રેસનો ઘોડો અને લગ્નનો ઘોડો એમ અલગ અલગ હોય છે. કોંગ્રેસ કયારેક ભૂલ કરી લગ્નના ઘોડાને રેસમાં દોડાવે છે. હવે કોંગ્રેસ ગુજરાતમાં યોગ્ય વ્યકિતની ઓળખ કરી ચૂંટણીમાં ઉતારશે. આ કામ હવે ખુબ જ ગંભીરતાથી લેવામાં આવશે. કોંગ્રેસના સિનિયર નેતાઓએ વર્ષ ૨૦૧૭માં કહ્યું હતું કે, ૪૦ જેટલી સીટો મળશે. મેં કહ્યું હતું કે ૪૦ નહીં પરંતુ આપણે ચૂંટણી જીતીશું. કોંગ્રેસ પક્ષ માત્ર ૧૬ સીટથી આપણે હાર્યા, કોંગ્રેસના કાર્યકર્તાઓએ લાઠી ખાધી, માર ખાધો, હવે બહુ થયું નફરતથી નહીં પરંતુ પ્રેમથી આપણે જીતીશું. નરેન્દ્ર મોદીના વિઝનનો ગુબ્બારો ફુટી ગયો છે. આખો દેશ બાયોલોજીકલ છે જયારે મોદીજી નોનબાયોલોજીકલ છે. જો મોદીજીનું સીધુ કનેકશન ભગવાન સાથે હોય તો અયોધ્યા કેમ હારી ગયા. ખેડૂતો, શ્રમિકો, વર્કરોના દર્દ સમજી શકતા નથી.રાહુલ ગાંધીએ કોંગ્રેસ કાર્યકારોને સંબોધન કર્યા બાદ અટકાયત થયેલા કોંગ્રેસ આગેવાનોના પરિવારજનો સાથે મુલાકાત કરી હતી અને એમને જણાવ્યું હતું કે, સમગ્ર કોંગ્રેસ પરિવાર આપની સાથે છે. રાહુલ ગાંધીએ રાજકોટ ટી.આર.પી. ગેમીંગ ઝોન કાંડ, મોરબી બ્રીજ કાંડ, વડોદરા હરણી બોટ કાંડ, સુરત તક્ષશીલા ફાયરકાંડ સહિતના જુદા જુદા ભાજપના ભ્રષ્ટાચારના કારણે જીવ ગુમાવનાર મૃતકોના પરિવારજનો સાથે મુલાકાત કરી સાંત્વના પાઠવી હતી તેમજ પરિવારજનોને ન્યાય ન મળે ત્યાં સુધી કોંગ્રેસ પક્ષ તેમનો અવાજ ઉઠાવતી રહેશે તેવી ખાતરી પૂર્વક કહ્યું હતું. રાજીવ ગાંધી ભવન ખાતે સવારથી જ સમગ્ર ગુજરાતમાંથી મોટી સંખ્યામાં કોંગ્રેસ પક્ષના કાર્યકર્તાઓ, આગેવાનો, પદાધિકારીઓ મોટી સંખ્યામાં જનનાયક અને લોકસભા વિરોધપક્ષના નેતા રાહુલ ગાંધીજીને સાંભળવા અને માર્ગદર્શન મેળવવા ઉમટી પડયાં હતાં. પૂજય મહાત્મા ગાંધી અને સરદાર સાહેબની પાવન ભૂમિ પર કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રિય નેતા, જનનાયક અને લોકસભા વિરોધપક્ષના નેતા રાહુલ ગાંધીજીના કાર્યક્રમનું ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શકિતસિંહ ગોહિલે સ્વાગત પ્રવચન કર્યુ હતું. રાહુલ ગાંધીના કાર્યક્રમમાં ગુજરાત સંગઠન પ્રભારી અને સાંસદ મુકુલ વાસનીકજી, ગુજરાત વિધાનસભા કોંગ્રેસપક્ષના નેતા અમિત ચાવડા, વિધાનસભા કોંગ્રેસપક્ષના ઉપનેતા શૈલેષ પરમાર, એ.આઈ.સી.સી. મહામંત્રી દિપક બાબરીયા, સી.ડબ્લ્યુ.સી. મેમ્બર જગદીશ ઠાકોર, સાંસદ સભ્ય ગેનીબેન ઠાકોર, એ.આઈ. સી.સી.ના મંત્રી અને ગુજરાતના સહપ્રભારી ઉષા નાયડુ, રામકિશન ઓઝા, બી.એમ. સંદિપ, પૂર્વ પ્રદેશ પ્રમુખ સિદ્ધાર્થભાઈ પટેલ, કાર્યકારી અધ્યક્ષ ડો. ઈન્દ્રવિજય સિંહ ગોહિલ, જીજ્ઞેશ મેવાણી, સેવાદળના રાષ્ટ્રીય અધ્યક્ષ લાલજી દેસાઈ, એ.આઈ.સી.સી. મંત્રી નિલેષ પટેલ, ધારાસભ્ય ઈમરાન ખેડાવાડા, પૂર્વ સાંસદ ડો. અમીબેન યાજ્ઞિક, સેવાદળ, મહિલા કોંગ્રેસ, એન.એસ.યુ.આઈ., યુથ કોંગ્રેસના ચેરમેનઓ, વરિષ્ઠ આગેવાનઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

## ૭ વર્ષ પહેલા જિલ્લામાં પાંચ-પાંચ ધારાસભ્યો વિજેતા બન્યા બાદ

# અમરેલી જિલ્લામાં કોંગ્રેસપક્ષનાં અસ્તિત્વ પર ગંભીર ખતરો

### પાંચ પુર્વ ધારાસભ્યમાંથી બે ધારાસભ્યો પક્ષપલ્ટો કરીને ભાજપ સાથે જોડાઈ ગયા

અમરેલી, તા.૬

અમરેલી જિલ્લામાં ગત્ વિધાનસભા અને બાદમાં યોજાયેલ લોકસભાની ચુંટણીમાં કોંગ્રેસ પક્ષનાં ધારાસભ્યનાં પાંચ અને લોકસભા ચુંટણીનાં એક ઉમેદવારનો ઘોર પરાજય થયો તો અગાઉ પાલિકા અને પંચાયતોની ચુંટણીમાં ધબડકો જતાં કોંગ્રેસપક્ષના અસ્તિત્વ પર ગંભીર ખતરો ઉભો થયો છે.

### એક પુર્વ ધારાસભ્યએ સ્વૈચ્છીક રીતે વનવાસ સ્વીકારીને ચુંટણીથી હાથ જોડી લીધા

આમ તો અમરેલી જિલ્લામાં ૩૫ વર્ષ પહેલા એટલે કે વર્ષ ૧૯૯૯માં યોજાયેલ લોકસભાની ચુંટણીથી કોંગ્રેસનાં કાંગરા ખરવાનું શરૂ થયું તો વર્ષ-૧૯૯૦, વર્ષ.૧૯૯૫,વર્ષ.૧૯૯૮,વષ.૨૦૦૨, વર્ષ.૨૦૦૭, વર્ષ.૨૦૧૨, અને વર્ષ-૨૦૨૨માં યોજાયેલ વિધાનસભાની ચુંટણી અને વર્ષ-૧૯૯૧, વર્ષ-૧૯૯૬, વર્ષ-૧૯૯૮, વર્ષ-૧૯૯૯, વર્ષ-૨૦૦૯, વર્ષ-૨૦૧૪, વર્ષ-૨૦૧૯ અને વર્ષ-૨૦૨૪ ની લોકસભાની ચુંટણીમાં કોંગી ઉમેદવાર પરાજય પામેલ.

### અન્ય બે પુર્વ ધારાસભ્યોમાં ભયાનક પણે નિરાશાનો માહોલ હોવાથી કાર્યકરો નિષ્ક્રીય

કોંગ્રેસ પક્ષને પાટીદાર આંદોલનના લીધે વર્ષ-૨૦૧૫માં યોજાયેલ સ્થાનિક સ્વરાજયની ચુંટણી અને વર્ષ-૨૦૧૭માં યોજાયેલ વિધાનસભાની ચુંટણીમાં જબરદસ્ત સફળતા મળેલ. પરંતુ, તેનો આનંદ માત્ર પાંચ વર્ષ સુધી સીમિત રહયો.

વર્ષ-૨૦૧૭માં જિલ્લાની તમામ પાંચેય વિધાનસભાની ચુંટણીમાં કોંગ્રેસના તમામ ઉમેદવારો વિજેતા થયા અને જેમાંથી ધારીનાં ધારાસભ્યએ બે વર્ષમાં પક્ષપલ્ટો કરી ભાજપમાં પ્રવેશ કરી ગયા તો રાજુલાનાં ધારાસભ્યએ વર્ષ-૨૦૨૨ની ચુંટણીમાં પરાજિત થઈને કેસરીયો ધારણ કરી લીધો તો અમરેલીનાં ધારાસભ્ય વર્ષ-૨૦૨૨ માં યોજાયેલ ચુંટણીમાં ઘોર પરાજય જતાં સ્વૈચ્છીક રીતે વનવાસ સ્વીકારીને ચુંટણીનાં રાજકારણથી દુર રહેવાનો નિર્ણય કરી લીધો. અન્ય બે પુર્વ ધારાસભ્યોમાં ભયાનકપણે નિરાશાનો માહોલ છે.

### જનતાજનાર્દનને કોંગ્રેસપક્ષની જરૂર હોય તો કોંગ્રેસપક્ષ મજબુત બનશે નહી તો જયશ્રી રામ

કારણ કે બંને પુર્વ ધારાસભ્યોએ બે થી લઈને ૪ થી ૫ ચુંટણીમાં પરાજય સહન કરતાં તેઓનો આત્મવિશ્વાસ ડગમગી ગયો છે. અને જિલ્લામાં આજે કોંગ્રેસના અનેક કાર્યકરો અને આગેવાનો કાંતો નિરાશામાં કાંતો નિવૃત અને અન્ય ભાજપમાં પ્રવેશ કરી ગયા છે.

કોંગી નેતા રાહુલ ગાંધી વર્ષ-૨૦૨૭નાં ગુજરાત વિધાનસભાની ચુંટણીમાં ભાજપને પરાજિત કરવાનું આહ્‌વાન કરી રહયા છે. પરંતુ, અમરેલી જિલ્લામાં કોંગ્રેસપક્ષનું અસ્તિત્વ ૨૦૨૭માં હશે કે નહી, અને હશે તો પાંચ બેઠકો જીતી શકે તેવું હશે કે નહી તે સૌ કોઈ વિચારી રહયા છે.

---

#### ભાજપના આગેવાનો દ્વારા

## વીજપડી ખાતે ડો.શ્યામા પ્રસાદજીની જન્મજયંતિએ પુષ્પાજંલિ પાઠવાઈ

### તેઓનાં આદર્શોને જીવનમાં ચરિત્રાર્થ કરવા અનુરોધ

સાવરકુંડલા, તા.૦૬

સાવરકુંડલાના વીજપડી ગામે ભારતીય જનસંઘના સંસ્થાપક શ્રધ્ધેય ડો.શ્યામાપ્રસાદ મુખર્જીની જયંતિ નિમિતે પુષ્પાજંલિ અર્પણ કરવાના કાયંક્રમનુ આયોજન કરવામાં આવ્યું હતુ. જે આ કાર્યક્રમનુ આયોજન પ્રદેશ યુવા ભાજપના કારોબારી સદસ્ય વિજયજી ચાવડા દ્વારા કરવામાં આવ્યુ હતુ. આ તકે શ્યામભાઈ ભુવા, હરેશભાઈ રાઠોડ,



હિતુલભાઈ હિરાણી, કૈલાશ ગીરી ગોસાઈ, ભીખાભાઈ રાઠોડ, મુન્નાભાઈ ચાવડા, નાસીરભાઈ પઠાણ, લલીતભાઈ પોપટાણી, ચકુરભાઈ, ગૌરાંગ રબારી સહિતનાં કાર્યકર્તાઓ આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા.

---

## વઢેરા શાળાનાં વિદ્યાર્થી આર્યએ જવાહર નવોદય પરીક્ષા પાસ કરી


જાફરાબાદ, તા.૦૬

જાફરાબાદ તાલુકાની શ્રી વઢેરા પ્રાથમિક શાળાના વિદ્યાર્થી આર્ય સમીરભાઈ દાફડાએ શાળા તથા સમગ્ર વઢેરા ગામનું ગૌરવ અપાવતી સિધ્ધી હાસલ કરી છે. જવાહર નવોદય પ્રવેશ પરીક્ષા-૨૦૨૪ પાસ કરી નવોદયની શાળામાં પરવેપ મળવા બદલ વઢેરા ગામનાં સરપંચ લખમણભાઈ સાંખટ, એસ.એમ.સી. અધ્યક્ષ હમીરભાઈ કોટડીયા, જાફરાબાદ તાલુકા પંચાયત પ્રમુખ બાલાભાઈ કોટડીયા, શાળાનાં શિક્ષકો અને ગ્રામજનો દ્વારા ઉજજવળ



ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

---











































## ::જાહેર નિવિદા::

આથી ખાંભા ગ્રામ પંચાયત તા.ખાંભા જી.અમરેલી હસ્તકનાં કામો માટે સને.૨૦૨૪/૨૫ના વર્ષ માટે વેપારીઓ, પેઢીઓ, અનુભવી કોન્ટ્રાકટરો/સપ્લાયરો પાસેથી માલસામાન અને મજુરી કામોનાં ભાવ મંગાવવામાં આવે છે.

**(૧) પાણી પુરવઠા માટે તમામ સાઈઝના પી.વી.સી એચ.ડી.પી.એફ ગેલ્વેનાઈઝ પાઈપ તથા સીંગલ અને થ્રી ફેઈઝની મોટરો પંપ સાથે હોર્સ પાવર દીઠ તથા તમામ પ્રકારના સ્ટાર્ટર, કેબલ વાયરો વિગેરે માલસામાન તથા રીવાઈન્ડીગના ભાવો**

**(૨) સ્ટ્રીટલાઈ કામે ફીકસર્સ, પાવરસેવર લેમ્પ્સ વોટ દીઠ, એલ.ઈ.ડી. લેમ્પ, કેબલ વાયર**

**(૩) બાંધકામ માટે રાજુલા પથ્થર, બ્લોક, બેલા, ઈંટ, કપચી, લોખંડ, લાકડુ, સીમેન્ટ, લાદી વિગેરે માલસામાનનાં ભાવો**

**(૪) બાંધકામ-મજુરીકામ જેમકે ખોદાણ, પથ્થર, પેવીંગ, ચણતર, બ્લોકપેવીંગ, પ્લાસ્ટર, રંગ રોગાન, સુથારીકામ, લુહારીકામ, આર.સી.સી, સેન્ટીંગ વિગેરે તમામ પ્રકારની મજુરીનાં બ્રાસવાઈઝ ભાવો**

**(૫) રેતી, કપચી, કાંકરી, મેટલ, હાથફોડમેટલ, સિમેન્ટ, લોખંડ વિગેરે મોરમઠાઠર, બેલા, ઈંટ વિગેરે સ્થળે પહોંચાડી આપવાનુ તમામ પ્રકારનાં ચાર્જ-રોયલ્ટી સહિતનું વાહન ભાડું સહીત ભાવો.**

ઉપરોકત આઈટમોના અલગ અલગ ભાવો માપસાઈઝ મુજબ તાઃ-૧૮/૦૭/૨૦૨૪ સુધીમાં ગ્રા.પં.કચેરી ખાંભાને સીલબંધ કવરમાં મોકલવનાં રહેશે. સીલબંધ કવર ઉપર(મટીરીયલ્સનાં ભાવો) અથવા મજુરીકામનાં ભાવો જે લાગુ પડયું હોય તે લખવાનું રહેશે. નિયત મુદતમાં આવેલ ભાવો ખોલવા, મંજુર કે ના મંજુર કરવાના અધિકારો સરપંચ શ્રી ગ્રા.પં.ખાંભા રહેશે. નિયત મુદતમાં આવેલ ભાવો તા.ઃ-૧૯/૦૭/૨૦૨૪ના રોજ સવારે ૧૧ઃ૦૦ કલાકે ખોલવામાં આવશે. મંજુર ભાવ આપનારે રૂા.૨૫૦૦૦/- ડીપોઝીટ ભરવાની રહેશે. બાકીની શરતો તથા નિયમો રૂબરૂ વાંચી સંભળવવામાં આવશે. તળીયાનાં ભાવો મંજુર થયે આ ભાવે ગ્રા.પં. કોઈ પણ પાર્ટી પાસેથી ખરીદી /કામ કરાવી શકશે મંજુર થયેલ ભાવ ભરનારની ડીપોઝીટ ૧-વર્ષ સુધી જમા રહેશે. જે સંતોષકારક કામગીરી જણાયે પરત કરવામાં આવશે.

**હર્ષિતાબેન પી. દોરીલા**
**તલાટી કમ મંત્રી**
**ખાંભા ગ્રામ પંચાયત**

**રીનાબેન બાબાભાઈ ખુમાણ**
**સરપંચશ્રી**
**ગ્રામ પંચાયત ખાંભા**

તદ્દન મફત/વિના મુલ્યે આયુર્વેદિક વિભાગ દ્વારા આયોજીત કેમ્પ
૧ દિવસથી ૧૨ વર્ષનાં બધા બાળકોને શિબિરમાં ડ્રોપ્સ આપવામાં આવશે.
પુષ્યનક્ષત્ર ના શુભ અવસરે સુવર્ણપ્રાશન સંસ્કાર
દ્વારા આપના બાળકને આપો સંપૂર્ણ સ્વાસ્થ્યની સૂવર્ણ ભેટ
તા. ૦૮–૦૭–૨૦૨૪ સોમવાર
સમય : સવારનાં ૯ થી ૧, સાંજના ૫ થી ૮ સુધી
સુવર્ણપ્રાશન દરરોજ પણ આપી શકાય છે | વધુ માહિતી માટે રૂબરૂ મુલાકાત લો.

કેમ્પનું સ્થળ : નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ - સંચાલિત
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ આયુર્વેદ હોસ્પિટલ (ગોળ દવાખાનું)
ચિતલ રોડ, અમરેલી. મો. ૯૯૭૮૯ ૬૬૬૨૯
આયુર્વેદ ઈમ્યુનાયઝેશન ફાયદાઓ
- યાદશકિત અને ગ્રહણશકિતમાં વધારો
- આયુર્વેદીક રસીકરણ
- ઉંમર પ્રમાણે વજન અને ઉંચાઈનો વધારો
- પાચનશકિતમાં વધારો
- રોગપ્રતિકારક શકિત વધવાથી સીઝનલ રોગો ઓછા થવા
- મગજતેજ અને બાળક ઉત્સાહી બને

## સત્તાધારી પક્ષનાં પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયાનો વહીવટીતંત્ર સામે ગંભીર આક્ષેપ

# અમરેલી જિલ્લામાં આડેધડ ઉભી થતી પવનચક્કીઓને અટકાવો

**પવનચક્કીની કંપની કે કોન્ટ્રાકટરની જોહુકમીને લીધે ખેડૂતો સહિત સૌ કોઈ પરેશાન**

**જયાં મંજૂરી મળી હોય તેને બદલે અન્યત્ર પવનચક્કી ઉભી કરવામાં આવતી હોવાનો આક્ષેપ**

**પવનચક્કીનાં કારણે પર્યાવરણ અને જનતા જનાર્દનની ઊંઘને પણ નુકસાન થઈ રહ્યું છે**

**અનેક વખત તંત્રને રજૂઆત છતાં પણ કોઈ કામગીરી થતી ન હોવાનો પૂર્વ સાંસદનો આક્ષેપ**

અમરેલી, તા. ૬

અમરેલીનાં પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયાએ જિલ્લામાં ચાલી રહેલ ગેરકાયદેસર પવનચક્કીઓના કામો બંધ રખાવવા બાબતે જિલ્લા વહીવટી તંત્ર અને જિલ્લાનાં જવાબદાર આગેવાનોને અપીલ કરતા જણાવેલ છે કે બે દિવસ પહેલા બાબરા તાલુકામાં પવનચક્કી તૂટવાનોબનાવબનવાપામેલછેજેઅતિ ગંભીર બાબત છે. આજે તંત્ર ધ્વારા બાબરા, લાઠી, સાવરકુંડલા, ધારી, ખાંભા અને રાજુલા એમ અનેક તાલુકાઓમાંપવનચકકીઓઉભીકરવા માટેનીઆડેધડમંજૂરીઆપવામાઆવી રહી છે. ત્યારે કંપની કે સ્થાનિક કોન્ટ્રાકટરોધ્વારાઆવીપવનચકકીઓ ગામનીનજીક,સ્કૂલનીનજીક,ખેડૂતોના વર્ષો જુના વાડી રસ્તાઓમાં ઉભી કરવામાંઆવેછે.જેનાલીધેગામલોકો, બાળકોઅનેખેડૂતોનેખૂબજમુશ્કેલીઓ પડે છે. આ બાબતે અનેક વખત લેખિતમાંરજૂઆતોકરેલહોવાછતાં

અનુસંધાન પાના ૬ ઉપર

## પવનચક્કીનાં ગેરકાયદેસર નિર્માણ સામે વાંધો ઉઠાવતા ધરપકડ થયાનો આક્ષેપ

# બાબરા પંથકનાં ગૌરક્ષકની ''પાસા'' હેઠળ અટકાયત થતાં જુદી-જુદી સંસ્થાઓએ મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું

**વિહિપ, આરએસએસ, કિસાન સંઘ, ચેમ્બર સહિતની સંસ્થાઓ જોડાઈ**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૬

બાબરામાં તાલુકા વિ હિન્દુપરિષદઅનેગૌરક્ષકગજેન્દ્રભાઈ શેખવાની પાસા હેઠળ અટકાયત કરી પાલનપુરજેલહવાલેકરવામાંઆવતા તેનાઘેરાપડઘાઅમરેલીસહિતસમગ્ર સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં વિ હિન્દુ પરિષદઅનેજીવદયાપરિવારમાંપડયા છે અને ભારે વિરોધ સાથે આ ઘટનાને સખત શબ્દોમાં વખોડી ગજેન્દ્રભાઈ શેખવાને તાત્કાલિક અસરથી પાસામાંથી નિર્દોષ છોડી મુકવા પ્રબળ માંગ કરવામાં આવી રહી છે.

બાબરામાં વિ હિન્દુ પરિષદ, આર.એસ.એસ., કિસાનસંઘ, ચેમ્બરઓફકોમર્સ, વેપારીમહામંડળ અનેજીવદયાપરિવારસહિતનીઅનેક સંસ્થાઓદ્વારામોટીસંખ્યામાંઉપસ્થિત રહીમામલતદારનેઆવેદનપત્રના

અનુસંધાન પાના ૬ ઉપર

## લીલીછમ વનરાજી વચ્ચે ચરિયાણ અને આરામ કરતા પશુઓ



દામનગર શહેરમાં ગારિયાધાર રોડ પર આવેલ પ્રાચીન શ્રી કુંભનાથ મહાદેવ મંદિર આસપાસના વિસ્તારમાં વરસાદ પછીની ખીલી ઉઠેલ લીલીછમ હરિયાળીની ગોદમાં ચરી રહેલ ગૌમાતાઓ અને બકરીઓની તસ્વીર કેમેરામાં કંડારી લેવામાં આવી હતી અને આરામ કરતા દ્રશ્યોને સુંદરતમ રીતે આહલાદક દ્રશ્યો જોવા મળ્યા હતા.

## ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ હેઠળ કેસ ચાલી જતા

# અમરેલી નાગરિક બેન્કનાં બાકીદારને ચેક રીટર્ન કેસમાં ૬ માસની સજા

**બેન્કનાં અન્ય બાકીદારોમાં ફફડાટ ફેલાયો**

અમરેલી, તા. ૬

અમરેલી બેંકમાંથી ચેક રીર્ટન થવાના કિસ્સાઓમાં આકરી સજા મળે અને ચેક રીર્ટનના બનાવો અટકે તેવી પ્રતિબધ્ધતા સાથે નાગરિક સહકારી બેંક આગળ વધી રહી છે. હાજીભાઈ અલારખભાઈ ચાવડા, અમરેલી પાસે બેંકની કાયદેસની રકમ બાકી હોય જે પેટે તેઓએ ચેક આપતા તે ચેક તેમના ખાતમાં અપૂરતી રકમ હોવાના કારણે બેંકનો અધિકાર હોય અને અગાઉ પણ આ દિશામાં કડક પગલા ભરતા નાગરિક સહકારી બેંકે બાકીદારો સામે ચેક રીર્ટનના કિસ્સામાં કાર્યવાહી કરી હતી ત્યારે વધુ એક વખત નાગરિક સહકારી બેંકના પૂર્વ ચેરમેન પી.પી. સોજીત્રાના માર્ગદર્શન હેઠળ બેંકના રીકવરી ઓફીસર હજયભાઈ નાકરાણીએ હાજીભાઈ અલારખભાઈ ચાવડા વિરૂધ્ધ ઘી.

અનુસંધાન પાના ૬ ઉપર

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા ૯૮૨૫૫ ૪૬૯૦૨

શું તમને સાંભળવાની તકલીફ છે ?
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઈ શકે...
- કોઈપણ ઉંમરના વ્યકિતની બહેરાશની તપાસ
- બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
- વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
- જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે
- જુના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
- પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન

કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જ્યુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય : સવારે ૧૦ થી ૨, સાંજે ૫ થી ૮

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
64,690/- (૧૦ ગ્રામ)
રહેલ તા.૦૬/૦૭/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો 95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

Sheetal
We are HIRING!

FRANCHISE MANAGER
Number of position : 01
Segment : Ice Cream
Experience : 1 to 2 Years
Location : Amreli
BACK OFFICE
Number of position : 03
Segment : Ice Cream
Experience : 1 to 2 Years
Location : Amreli
Ready to take your sales career to new heights?
PLEASE SEND YOUR CV
+91 95109 59957
hr@scplco.com


Aikyam
એકયમ ન્યુરો સાઈકિયાટ્રી હોસ્પિટલ
ઈમરજન્સી સારવાર ૨૪ કલાક ઉપલબ્ધ...
ડૉ. વિવેક જોષી M.B. (Psy) D.P.M., F.I.P.S., M.I.A.P.P.
કન્સલ્ટીંગ ન્યુરો સાઈકીયાટ્રસ્ટ
મગજ, માનસિક રોગો, જાતિય નબળાઈ તથા વ્યસન મુકિતનાં નિષ્ણાંત...
: લક્ષણો :
- ઉદાસી રોગ
- મરવાના વિચાર આવવા
- વિચારવાયુ
- વહેમ, શંકા
- મંદબુદ્ધિ બાળકોની સારવાર
- ચિંતા-ટેન્શન
- માથાનો દુઃખાવો
- જાતિય રોગો
- વ્યસનમુકિત : દારૂ, બીડી, તમાકુ, કાલા
સ્થળ : પરમ કોમ્પલેક્ષ, બીજા માળે, ICICI બેંક પાસે, બસ સ્ટેશન રોડ, અમરેલી.
Mo. 97370 28181 | Ph. 02792-224224
મગજના ગ્રાફ (E.E.G.) ની સુવિધા ઉપલબ્ધ...

LG Life's Good.
MONSOON BONANZA
Get LG's world class products with attractive rainy offers

ENJOY MONSOON OFFER
0%* DOWN PAYMENT
UP TO 10%* CASHBACK
LG BEST SHOP મુકુન્દરાય એન્ડ બ્રધર્સ
કાર કેર સેન્ટરની સામે, ચકકરગઢ રોડ, અમરેલી મો.૯૪૦૮૧ ૫૯૬૦૬/૯૯૭૪૭ ૭૨૩૭૭

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)